ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષઃ ૨૮ || અંકઃ ૧ || જાન્યુઆરી ૨૦૨૬ || સળંગ અંક : ૬૫૧

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા એડીઆઈટી કોલેજ દ્વારા એઆઈસીટીઈ વાણી પ્રાયોજિત વર્કશોપનું આયોજન




સીવીએમ યુનિવર્સિટીની ન્યુ વલ્લભ વિદ્યાનગર સ્થિત એડીઆઇટી એન્જિનિયરિંગ કૉલેજના ઓટોમોબાઇલ એન્જિનિયરિંગ ડીપાર્ટમેન્ટ દ્વારા તારીખ ૨૮ તથા ૨૯ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન એઆઈસીટીઈ વાણી પ્રાયોજિત વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઇવેન્ટ કોઓર્ડિનેટર ડૉ. સંજય પટેલ તથા કો-કોઓર્ડિનેટર પ્રોફેસર યજ્ઞેશ ગાંભવા ના જણાવ્યા મુજબ ઓટોમોબાઇલ એન્જિનિયરિંગ દ્વારા આયોજિત ''એક્સીલેરેટિંગ સસ્ટેનેબિલિટી: એક્સપ્લોરિંગ ધ વર્લ્ડ ઓફ ઇલેક્ટ્રીક વ્હીકલ્સ'' વિષય પર યોજાયેલ આ વર્કશોપ માં ગુજરાતભરમાંથી લગભગ ૫૦ થી વધારે ફેકલ્ટી મેમ્બર્સે ભાગ લીધો હતો. એકેડેમિક તથા ઇન્ડસ્ટ્રી એક્સપર્ટે ઈલેક્ટ્રીક વ્હીકલ્સ ટેકનોલોજી ને લગતા વિવિધ વિષયો જેવા કે બેટરી સ્વેપિંગ ટેકનોલોજી, વિવિધ ટાઈપ ની બેટરી, મોટર્સ, એફિશિયન્ટ ઇલેક્ટ્રીક વ્હીકલ્સ, બેટરી મેનેજમેન્ટ સિસ્ટમ, હાઇડ્રોજન એન્ડ ફ્યુલ સેલ ટેકનોલોજી વિગેરે પર વ્યાખ્યાનો આપ્યા હતા.

આ વર્કશોપનું ઉદઘાટન તારીખ ૨૮ નવેમ્બરના રોજ સીવીએમ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો.(ડૉ). ઈન્દ્રજિત પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે એઆઈસીટીઈ ની હાયર એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂટમાં પ્રાદેશિક ભાષાને પ્રાધાન્ય આપવાના ભાગરૂપે આ વર્કશોપનું આયોજન ગુજરાતી ભાષામાં કરવામાં આવ્યું હતું.

સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ, પ્રોવોસ્ટ પ્રો.(ડૉ). ઈન્દ્રજિત પટેલ, એડીઆઇટી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. વિશાલ સિંઘ દ્વારા એઆઈસીટીઈ તથા વર્કશોપના આયોજકોને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.




**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
ભગીરથ બ્રહ્મભટ્ટ
**સંપાદક મંડળ**
આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ
ભીખાભાઈ દેસાઈ ● રાજીવ પટેલ
**પ્રકાશક**
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જાન્યુઆરી-૨૦૨૬
વર્ષ : ૨૮ અંક : ૧
સળંગ અંક : ૬૫૧

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते

**પ્રમુખ**
શ્રી પ્રયાસ્વીનભાઈ બી. પટેલ
**ઉપપ્રમુખ**
શ્રી મનીષભાઈ એસ.પટેલ
**અધ્યક્ષ**
શ્રી ભીખુભાઈ બી. પટેલ
**માનદ્ મંત્રી**
ડૉ.એસ.જી.પટેલ
**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી રમેશ સી. તલાટી શ્રી વિશાલ એચ. પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયૉટૅક્નૉલૉજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ ઍકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

પ્રેમ પદને પામવા; તું મેલી દે મનની તાણ;<br>
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે ભક્તિ છે નિર્વાણ.<br>
મન ! તું હજી શિખામણ માન.


|| પ્રાથમ્ય || ઉડ જા રે પંછી... ..........................૩
**સંકલન : એસ.જી.પટેલ**
|| વૈભવ અને વારસો || .............................૭
**પદ્ય-વિભાગ :** બંસી વનમાં વાગે છે આઘે
|| નવાં કાવ્યો || ........................................૮
**દિનેશ ડોંગરે "નાદાન", ભીખાભાઈ દેસાઈ, ઉમેશ જોશી, જયંત ડાંગોદરા**
|| વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** ખવાઈ જતા પાયા .................૯
**જુગતારામ દવે**
|| લઘુકથા || અનિકેતા ...............................૯
**હસમુખ રામદેપુત્રા**
|| લાઘવિકા || દુખતી નસ..........................૧૦
**પ્રજ્ઞા ધારૈયા**
|| સમીક્ષા-૧ || 'કુંડાળું' પોતપોતાની વહેરતી પીડાને વેઠતાં ....................................................૧૧
**રમણીક અગ્રાવત**
|| સમીક્ષા-૨ || ગુજરાતી ફિલ્મ : 'લાલો શ્રી કૃષ્ણ સહાયતે' - મારી નજરે................................૧૧
**રમેશ તન્ના**
|| લલિત નિબંધ || એક કોણ...? ....................૧૪
**રમેશ પટેલ**
|| આસ્વાદ || સ્ત્રી જીવનને જાગતું અને જગાડતું સંવેદન : એકવીસમું ટિફિન .....................................૧૬
**મહાવીર રબારી**
|| અનુવાદ || વ્યક્તિત્વ નિર્માણ અને રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણ માટેની પાઠશાળા.................................૧૯
**અનુવાદકઃ મહેન્દ્ર નાયી**
|| ચિંતનકણિકા || Shakespeare Quote.........૨૩
**આર. કે. માંડલિયા**
|| અર્થઘટન || હૂંડી - નરસિંહ મહેતાની? .......૨૫
**દર્શક અરૂણભાઈ દેસાઈ**
|| અભ્યાસ || હે પાર્થ! જાગ, તારી આંખો ઉઘાડ! ..........................................................૨૯
**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**
|| વિદ્યાવૃત્ત || ....૬, ૭, ૧૦, ૧૩, ૧૫, ૨૨, ૨૪, ૩૧.




ISSN 0976-9609

**॥ પ્રાથમ્ય ॥**

## ઉડ જા રે પંછી...

**સંકલન : એસ.જી.પટેલ (લેખકઃ પાર્થિવ નાણાવટી)**

વર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખી આ વાર્તા હું ફરી વખત મૂકી રહ્યો છું. જો તમારું બાળક ડ્રગ્સ કે દારૂના લતે ચઢતો દેખાય તો બહુજ સમજદારીપૂર્વક ધીરજ, સંયમ અને પ્રેમથી તેની લત છોડાવજો.

વિરોધ વ્યક્તિનો હોય પણ જો તેના વિચાર સમાજને સાચી દિશા ચીંધતો હોય તો એ વિચારનો વિરોધ ન કરવો જોઈએ. કોઈ વખત રાજકીય હિતોને ધ્યાનમાં રાખી વિરોધ કરનારના બાળકો જ્યારે વ્યસનના ભોગ બને ત્યારે તેની ગંભીરતા તેમને ખબર પડશે.

આવા લોકોને રાહત ઈંદોરીની પ્રસિદ્ધ શાયરી સમર્પિત છે.

*''લગેગી આગ તો આએંગે ઘર કઈ જદ મેં*
*યહાં પે સિર્ફ હમારા મકાન થોડી હૈ''*

અમુક વાતો કે લાગણી મોબાઈલ કે ફોન ઉપર વ્યક્ત ન કરી શકાય તે લખીને વ્યક્ત કરવી પડે છે. આજે મારા પુત્ર સ્વીટુનો મોબાઈલ મેસેજ હું વાંચી રહ્યો હતો. મારા મોબાઈલને મારા આંસુ ભીનો કરી રહ્યા હતા.

સ્વીટુ લખે છે. પપ્પા હવે હું UKમાં સેટ થઈ ગયો છું. પાચ વર્ષની અંદર તમારા આશીર્વાદ અને ઈશ્વર કૃપાથી મેં ઘણું મેળવી લીધું. ધન દોલત, નોકરી, પત્ની, પણ તમારો ખાલીપો એ મારા જીવનનું પાનખર છે.. તમે અહીં આવી જાવ તો મારા બગીચામાં વસંત ખીલે.

મેં ટેબલ ઉપર રાખેલ સ્વીટુના ફોટા સામે નજર કરી અને વિચારમાં પડી ગયો. પાંચ વર્ષ પહેલાં આજ સ્વીટુ હિંમત હારી કેવા ખોટા રસ્તે ચઢી ગયો હતો.

પાંચ વર્ષ પહેલાંની રાત્રે મારા પુત્ર સ્વીટુ સાથે રહેવાની છેલ્લી રાત્રી હતી. કાલે સવારથી તેને મેં પિંજરામાંથી વિશાળ આકાશમાં ઉડાન ભરવા મુક્ત કર્યો હતો.

સ્વીટુ કાલથી વિદેશી બની જશે. ચાતક પક્ષીની જેમ આકાશ તરફ રાહ જોવાની ફરી ક્યારે ઇન્ડિયા આવશે. ઘણું અઘરું છે, રોજ સાંજે ઓફિસેથી પરત આવતા સંતાન બે ત્રણ વર્ષ સુધી ઘરે ન આવી શકે અને આવે તો પણ મર્યાદીત સમય માટે, ત્યારે બન્ને પક્ષે કલ્પના કરવી અઘરી છે. છતાં પણ તેના ભવિષ્ય માટે અમે દિલ ઉપર પથ્થર રાખી હસતું મોઢું રાખ્યું હતું.

એ સમયે સ્વીટુના હજુ લગ્ન થયા ન હતા. તેના જન્મથી આજની તારીખ સુધી અમે ઘરમાં ત્રણ બેડરૂમ હોવા છતાં એક રૂમની અંદર સાથે સુતા.

એ રાત્રે સ્મિતા પણ પડખા ઘસતી હતી અને હું પણ વારંવાર ઉભો થઇ સ્વીટુના માથે હાથ ફેરવતો હતો. સ્વીટુ ફક્ત ઉંઘી ગયો હોય તેવો દેખાવ કરતો હતો.

અંધારામાં ભૂલથી તેના માથાને બદલે તેના ચ્હેરા ઉપર મારો હાથ ફરી ગયો. હું ચોંકી ગયો મારી હથેળી ભીની થઈ હતી. મેં તરત જ લાઈટ કરી, જોયું તો સ્વીટુ અંધારામાં રડતો હતો. સ્મિતા પણ જાગી ગઈ. અમારી ત્રણેય પાસે લાગણી વ્યક્ત કરવા શબ્દો ન હતા.

રાત્રીના ૨.૩૦ થયા હતા અમે એક બીજાને ભેટી રડતા હતા. મેં બાજુમાં પડેલ પાણીના જગમાંથી સ્મિતા અને સ્વીટુને પાણી આપ્યું. સ્વીટુ બોલ્યો પપ્પા, મમ્મી તમારા વગર મને ત્યાં નહિ ગમે.

બેટા, અમારી પણ તારા જેવી સ્થિતિ છે. તારી કે અમારી પાસે કોઈ બીજો વિકલ્પ પણ ક્યાં બચ્યો છે ? માસ્ટર ડિગ્રી મેળવ્યા પછી પણ સ્વમાન સચવાય તેવી નોકરી કે વેતન ન મળે તો દિલ ઉપર

પથ્થર રાખી દેશ છોડવાનો નિણર્ય લેવો જ પડે.

તને આ શહેર અને દેશ સાથે લગાવ છે એ પણ હું સારી રીતે જાણું છું છતાં પણ બેટા અમે તારા જીવનના અમૂલ્ય સમયને બરબાદ થતાં હવે નહીં જોઈ શકીએ. એટલે જ આ નિર્ણય આપણે સાથે બેસી લીધો છે.

સંસારમાં એવા ક્યા મા-બાપ હોય જેનો કાળજાનો ટુકડો આંખથી દૂર થાય એ તેમને ગમે. બેટા અમે મજબુર છીએ, કહી મારી આંખો ફરીથી ભીની થઇ.

એ રાત્રે અમે સુતા નહિ. સવાર સુધી જાગતા રહ્યા અને એકબીજા સાથે વાતો કરતા રહ્યા. સ્વીટુ માસ્ટર ડિગ્રી સાથે ભણીને જ્યારે બહાર આવ્યો.

કંઈક બનવાના અરમાનો અને સ્વપનાં સાથે માર્કેટમાં પ્રવેશ કર્યો. પણ ધીરે ધીરે કડવી વાસ્તવિકતા સામે આવવા લાગી. સંઘર્ષ સમયે નાની મોટી નોકરી કરી પોતાના ખર્ચ કાઢવા લાગ્યો, પણ અંદરથી અજંપો, અશાંતિ અને અસંતોષ તેના ચહેરા ઉપર અમને દેખાતો હતો. ભગવાનની કૃપાથી અમારે તેના પગારની જરૂર ન હતી. પણ તેનો મતલબ એવો તો ન હતો કે તે પોતાનું જીવન બરબાદ કરતો રહે.

સ્વીટુ તેના પગારની રકમ શેર બજારની અંદર રોકાણ કરવા લાગ્યો. ટૂંકાગાળાની અંદર તેને રૂપિયાવાળા થવું હતું. પણ હવે કોઈ ફિલ્ડમાં રૂપિયાનું વળતર એટલું જલ્દી ક્યાં મળે છે ? શેર બજારની અંદર પણ તેની મહેનતના રૂપિયા તે સમયે ડૂબવા લાગ્યા. ધીરે ધીરે એ ઘરે મોડી રાત્રે આવવા લાગ્યો. મારી અનુભવી આંખો કહેતી હતી સ્વીટુ કોઈ ખોટા રસ્તે ચઢી રહ્યો છે.

એક રાત્રે તો હદ થઈ ગઈ તે ઘરમાં આવ્યો ત્યારે મોઢામાંથી દારૂની વાસ આવતી હતી. બેફામ વાણી વિલાસ કરતો હતો.

સંસારમાં ત્રણ વ્યક્તિ સાચું બોલે એક બાળ અવસ્થામાં, બીજું અંત સમયે અને ત્રીજું દારૂ પીધેલ વ્યક્તિ.

સ્વીટુ પીધેલ હાલતમાં ઘણી એવી વાતો કરી રહ્યો હતો જેની જાણ અમને ન હતી. તેને કોઈ વિભા નામની છોકરી સાથે પ્રેમ હશે. નોકરીનું ઠેકાણું પડતું ન હોવાથી છોકરીના પપ્પાએ વિભાના લગ્ન અન્ય જગ્યાએ કરી દીધા.

સ્વીટુ મને પૂછી રહ્યો હતો પપ્પા પ્રેમ આવો હોય ? જો ધીરજ, સંયમ કે વિશ્વાસ ન હોય તો પ્રેમ શા માટે કરતા હશે ? સ્વીટુ રડતો હતો અને અમને સવાલ જવાબ કરતો હતો.

અત્યારે તેને કાંઈ પણ જાતનો ઠપકો આપવો એ અમારા માટે યોગ્ય ન હતું.

સ્મિતા અને મેં તેનો હાથ પકડી AC ચાલુ કરી તેને પલંગમાં સુવાડ્યો. તેના બુટ પણ મેં કાઢ્યા. પછી પ્રેમથી તેના માથે હાથ ફેરવી સુવાડી દીધો.

એક બેકાર યુવાન કેટલી હદ સુધી હતાશ, નિરાશ થઈ સંયમ ગુમાવે છે તે મને મારી નજર સામે સુતેલ સ્વીટુનો ચહેરો કહી રહ્યો હતો.

એ દિવસે રાત્રે અમે નિર્ણય કર્યો. મેં કહ્યું, સ્મિતા, સ્વીટુ અહીં રહ્યો તો આપણા હાથમાંથી જતો રહેશે. અને કદાચ ગુનાહીત પ્રવૃત્તિ તરફ વળી જશે અથવા વર્તમાન સંજોગનો સામનો કરવા પોતાની જાતને અસમર્થ સમજી જીવન માટે કોઈ આયોગ્ય પગલું પણ ભરી શકે. હવે ખર્ચો ગમે તેટલો થાય તેને વિદેશ મોકલવાની તૈયારી આપણે ચાલુ કરવી પડશે.

સ્વીટુને આપણે એક હાથમાં દારૂની બોટલ અને બીજા હાથમાં હથિયાર સાથે જોવા માંગતા નથી. એક બેકાર અને હતાશ યુવાન શું ન કરી શકે એ કલ્પના કરવી મુશ્કેલ છે.

બીજે દિવસે સવારે જ્યારે સ્વીટુ ઊભો થયો

તે મારી સામે આંખ મેળવી વાત કરી શકતો ન હતો. ફક્ત બોલ્યો, પપ્પા મમ્મી મને માફ કરો. મેં તમારું દિલ દુભાવ્યું છે.

મેં માથે હાથ ફેરવી કહ્યું, બેટા તું યુવાન છે ભૂલ થઈ જાય પણ એ જ ભૂલ વારંવાર થાય તો તેના ગંભીર પરિણામ આપણે બધાએ ભોગવવા પડે.

મેં ભીની આંખે કહ્યું, બેટા સાચો પ્રેમ નસીબદાર વ્યક્તિઓને મળે છે. જે લોકો આપણા ખરાબ સમયમાં હાથ અને સાથ છોડી ભાગે ત્યારે રડવાનું ન હોય, ઈશ્વરનો આભાર માનવાનો હોય. જે વ્યક્તિને આપણો વર્તમાન પસંદ ન હોય તેવી વ્યક્તિ સાથે સબંધ રાખીને ફાયદો શુ?

બેટા હવે એક ઊંચી ઉડાન ભરવા માનસિક તૈયાર થઈ જા.

*તુફાન મેં તાશ કા ઘર નહીં બનતા,*
*રોને સે બિગડા મુકદર નહીં બનતા,*
*દુનિયા કો જીતને કા હૌસલા રખો*
*એક હાર સે કોઈ ફકીર ઔર*
*એક જીત સે કોઈ સિકન્દર નહીં બનતા.*

સ્વીટુ ભીની આંખે મારા માથે હાથ મૂકી બોલ્યો ઈશ્વરને સાક્ષી રાખી તમારા અને મમ્મીના સોગંદ ખાઈ હું સંકલ્પ લઉં છું હવે પછી કોઈ પણ પ્રકારના વ્યસન હું નહીં કરું.

મેં કહ્યું, શાબાશ બેટા. અડધી લડાઈ તારો બાપ આજે જ જીતી ગયો.

બેટા તું નાનો હતો ત્યારે એક પ્રાર્થના ખૂબ સુંદર રીતે ગાતો યાદ કર...આજે તેંના શબ્દો સમજવાનો સમય આવી ગયો છે.

*ઈતની શક્તિ હમે દેના દાતા,*
*મન કા વિશ્વાસ કમજોર હો ના*
*હમ ચલે નેક રસ્તે પે હમસે*
*ભૂલ કર ભી કોઈ ભૂલ હોના*

બેટા કોઈ પણ તકલીફ સમયે અમને યાદ કરજે અમે અડીખમ ઉભા છીએ. કદી હિંમત ન હારતો.

એક વાત જીવનમાં યાદ રાખજે, બાળકો યુવાન હોય ત્યારે તેને મા બાપની હૂંફની જરૂર હોય છે અને જ્યારે મા બાપ ઘરડા થાય ત્યારે તેમને યુવાન બાળકો તરફથી હૂંફની જરૂર હોય છે. બન્ને પોતાની નૈતિક જવાબદારી યોગ્ય સમયે નિભાવે તો સંસારમાં સુખ અને દુઃખ આવે અને જાય પણ મજબૂત મનોબળના કારણે પરિવાર તૂટતો નથી.

બાળકોને ફૂલની જેમ સાચવી મોટા કરવા અને ઘરડા મા બાપને કાચના વાસણની જેમ ઘડપણ સાચવવા એ કોઈ સાધનાથી કમ નથી. મંદિર કે આશ્રમ ક્યાં જવાની જરૂર છે,પરિવાર પ્રત્યે વફાદાર રહો ઈશ્વર ખુશ રહેશે.

પાંચ વર્ષ પહેલાં ભારે હૈયે છતાં પણ અંદરથી નવા ઉમંગ અને જોશ સાથે સ્વીટુને એરપોર્ટ ઉપર તેની ભવિષ્યની ઉડાન માટે અમે મુકવા ગયા હતા. અમારા ત્રણેયની આંખો વારંવાર ભીની થતી હતી. અમે એકબીજાને હિંમત આપતા હતા. ફરીથી સ્વીટુ મને પગે લાગી રડી પડ્યો, અને બોલ્યો મારી નજરમાં મંદિરમાં બેઠેલ ઈશ્વર અને તમારા સ્થાનમાં કોઈ ફેર નથી. ઈશ્વર પ્રત્યક્ષ ક્યાં આવે છે, એટલે જ તેણે માઁ બાપનું સર્જન કર્યું છે.

પપ્પા, તમે ખૂબ જ ધીરજ અને સંયમથી મારી સાથે કામ લીધું. મારા ખરાબ સમયે કદાચ તમે મારી સાથે અપશબ્દો અને મારામારી કરી હોત તો કદાચ તમારો સ્વીટુ તમારા હાથમાંથી સરકી ગયો હોત. કદાચ આ દુનિયામાં પણ ના હોત, કહી ફરી તે રડી પડ્યો.

સ્વીટુ બોલ્યો પપ્પા, બાળકોને બેકારી કે અસામાન્ય સંજોગોમાં કેમ ટેકલ કરવા એ તમારી પાસેથી હું શીખીને જઈ રહ્યો છું. તમારા એકેએક શબ્દો અને સલાહ મેં મારા હૃદયમાં કંડારી રાખ્યા છે.

જીવનમાં હું ચરણસ્પર્શ મંદિરમાં બેઠેલ ભગવાન અને

બીજા મારા દિલમાં બેઠેલ માં-બાપ સિવાય કોઈને પણ કરતો નથી, કહી સ્વીટુએ ફરીથી મારા અને સ્મિતાના ચરણસ્પર્શ કર્યા.

મેં કહ્યું, જા બેટા તારો વર્તમાન સંભાળ અને ભવિષ્યને શણગારી લે અહીંની ચિંતા ન કરતો.

મેં વાતવરણ હળવું કરતા કીધું યોગ્ય પાત્ર મળે તો ગોઠવી પણ લેજે ...નહિતર અમને કહેજે.

એ હસી પડ્યો...અને બોલ્યો પપ્પા એક ઠોકર બસ છે.

સ્વીટુ નીચે નમી "ભારતની ભૂમિ" ને વંદન કરી બોલ્યો,

હે મા, મને માફ કરજે. મારી ઈચ્છા તો તારી સેવા કરવાની અહીં હતી, પણ વિધતાને એ મંજૂર નહિ હોય.

સ્વીટુ જઈ રહ્યો હતો અમે એની પીઠ સામે ક્યાંય સુધી જોતા રહ્યા. અત્યાર સુધી ધીરજ અને હિંમત રાખેલ સ્મિતા મારા ખભે માથું મૂકી રડી પડી અને બોલી, સમીર, આપણા દેશનું હોશિયાર યુવાધન જો આવી રીતે હિંમત હારી વિદેશ જતું રહેશે તો અહીં આપણા દેશમાં બાકી શું રહેશે?

મેં વાત ને હળવી બનાવવા કહ્યું, અભણ નેતાઓ, મૂર્ખ સપોર્ટરો અને આપણા જેવા નિવૃત ઘરડા લોકો.

આજે એ જ સ્વીટુનો મેસેજ હું વાંચી રહ્યો હતો, તે અમને કાયમ માટે UK બોલાવી રહ્યો છે. વતન છોડવું તો અમને પણ નથી ગમતું, પણ બીજો કોઈ વિકલ્પ જ હવે બચ્યો નથી.

મેં સ્વીટુને જવાબ આપ્યો, બેટા અમારી હાજરીથી તારા બગીચામાં વસંત ખીલતી હોય તો અમે જરૂર આવશું.

---


માનદ્ મંત્રી
ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail : sgpatel1948@gmail.com


---

## ।। વિદ્યાવૃત્ત ।।

**ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો.શારદા મંદિરમાં કલા ઉત્સવમાં સિદ્ધિ :**

૧. પ્રાથમિક વિભાગની કલા ઉત્સવ સ્પર્ધા અંતર્ગત સીઆરસી કક્ષાની બાળ કવિ સ્પર્ધામાં પૂર્વા ભોપાડાએ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરીને રૂપિયા ૨૦૦ રોકડ ઇનામ પ્રાપ્ત કરેલ છે, તે બદલ પૂર્વાને તેમજ તેના કન્વીનર શિક્ષિકા શ્રીમતી જીગીશાબેન ને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

૨. પ્રાથમિક વિભાગની કલા ઉત્સવ સ્પર્ધા અંતર્ગત સીઆરસી કક્ષાની સુગમ સંગીત સ્પર્ધામાં વિધિ સત્યનારાયણ ધોબી દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરીને રૂપિયા ૨૦૦ રોકડ ઇનામ પ્રાપ્ત કરેલ છે, તે બદલ વિધિને તેમજ તેને તૈયાર કરાવનાર કન્વીનર શિક્ષિકા શ્રીમતી રેશ્માબેન તેમજ વિશિષ્ટ શિક્ષિકા શ્રીમતી રાધાબેન પટેલને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

3. NCC 22/11/2025
On the occasion of NCC day. I got National Award of DG commen- dation card for the year 2025 for atmost sincerity dedication and exemplary performance in NCC. The commendation card along with badge, certificate 2500 /- Rs cash. (from – DG NCC DELHI)

Also getting award of ADG commen- dation for the year–2025 from ADG Major general Rai Singh Sir, Gujarat Div-Daman, Dadra nagar haveli Directorate.

## || વૈભવ-વારસો : પદ્ય વિભાગ ||

### બંસી વનમાં વાગે છે આઘે

અવળાં તો મેં આભ્રણ પહેર્યાં,
તો ચૂંદડી અવળી ઓઢી,
બંસી વનમાં વાગે છે આઘે,
મન હરિ દરશન લે લાગી, ...બંસી વનમાં ૦
નાકની નથ મેં તો કાનમાં પહેરી,
તો કાનની ઝાલ નાકે પહેરી, ....બંસી વનમાં ૦
હાથની ચૂડી મેં તો પગમાં પહેરી,
તો પગનાં ઝાંઝર હાથે પહેર્યાં, ....બંસી વનમાં ૦
સાકર લઈ મેં તો શાક વઘાર્યાં,
તો ખીરમાં મીઠું નાખ્યું, ....બંસી વનમાં ૦
મરચાંના મેં તો મોદીક વાળ્યા,
તો સૂંઠ સેવૈયામાં ભેળી,
બંસી વનમાં વાગે છે આઘે.

કૃષ્ણની બંસીનો અદ્ભુત જાદુ હતો, તેનો સૂર સાંભળતા. ગોપીઓ સાન-ભાન ભૂલી બંસીના સૂર તરફ દોડવા લાગતી. ગોપીઓ જે કોઈ કામ કરતી તે એમને એમ છોડી પાગલ બની દોડતી. ચૂંદડી અવળી ઓઢી કે સવળી તેનું પણ ભાન રહેતું નહીં. નાકની નથ કાનમાં પહેરાઈ જાય, કાનની ઝાલ નાકમાં પહેરાય જાય, હાથની ચૂડી પગમાં ને પગનાં ઝાંઝર હાથે પહેરાય જાય તેવી સ્થિતિ થતી. ગૃહકાર્ય પણ આડાઅવળું થઈ જતું. શાકમાં સાકર, ખીરમાં મીઠું, મોદીક લાડુમાં મરચાં ને સેવૈયામાં સૂંઠ નખાઈ જતી. આ હતો કૃષ્ણ તરફનો અનુરાગ. લોકકંઠે આ ધોળ સચવાઈ રહ્યું છે.

## || વિદ્યાવૃત્ત ||

**ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલ** (ગ્રાન્ટેડ)નાં ૩૭ વિદ્યાર્થીઓએ શ્રી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ પરીક્ષામાં ૧૦૦% પરિણામ હાંસલ કર્યું. ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં આ વર્ષે શ્રી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ પરીક્ષા યોજાઈ હતી, જેમાં કુલ ૩૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પરીક્ષા આપી. આનંદની વાત એ છે કે તમામ વિદ્યાર્થીઓએ ખૂબ જ સરસ માર્ક્સ સાથે સો ટકા પરિણામ મેળવવાની ગૌરવભરી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. વિદ્યાર્થીઓમાં સંસ્કૃત વિષય પ્રત્યે રુચિ જાગે, ભારતીય સંસ્કૃતિની ઊંડાણભરી સમજણ વિકસે અને તેઓના વર્તન-વ્યવહાર અને જીવનમાં અમૂલ પરિવર્તન આવે એ મુખ્ય હેતુસર આ પરીક્ષા લેવામાં આવી હતી. સમગ્ર પરીક્ષાનું સફળ સંચાલન શાળાની સંસ્કૃત વિષયની શિક્ષિકા શ્રીમતી ભાવનાબેન પવાર દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં જોવા મળેલો ઉત્સાહ, કડક તૈયારી અને ઉત્તમ પરિણામ તેમના મહેનત અને પ્રતિભાનો સુંદર દાખલો છે.

આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ ભટ્ટે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા તેમજ શિક્ષિકા ભાવનાબેન પવાર અને સમસ્ત સ્ટાફના પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

## || નવાં કાવ્યો ||

### ગઝલ

**દિનેશ ડોંગરે "નાદાન"**

મળ્યા'તા પ્રથમ એ સભા યાદ છે ને!
કહો આપણી એ કથા યાદ છે ને!
અમે તો કરી છે પ્રતીક્ષા ક્ષણેક્ષણ;
તમારા વચન વાયદા યાદ છે ને!
ગઝલ સાંભળી આંખ ભીની થયેલી;
હજી પણ એ તમને વ્યથા યાદ છે ને!
મને અન્યના દાખલા આપ ના દો;
તમે શું કરી એ ખતા યાદ છે ને!
તમારા જ પગલાં ને થાપાં છે સાક્ષી;
અનોખી હતી સરભરા યાદ છે ને!
તમે પંથ ભૂલી ભટકતા રહ્યા છો;
શરૂ ક્યાંથી થઈ જાતરા યાદ છે ને!
અહમનો ઉતારો પ્રથમ બોજ નાદાન;
પ્રણયની શરત, એ પ્રથા યાદ છે ને!

૩૯/સી, રામવાટિકા સોસાયટી, આયુર્વેદિક કૉલેજ રોડ,
પાણીગેટ બહાર, વડોદરા, (મો)૯૮૯૮૩૪૬૮૭૭

### હાઈકુ

**ડૉ. ભીખાભાઈ દેસાઈ**

પ્રભુને નમે
ચિત્ત ચંપલે ભમે
હરિ ક્યાં મળે ?

પગરખાં નૈ
અભરખા છોડીને
આવ મંદિરે.

ગુજરાતી વિભાગ, નલિની આર્ટ્સ કૉલેજ,
વલ્લભ વિદ્યાનગર. મો : ૮૯૮૦૨ ૭૫૧૪૯

### હવે....

**ઉમેશ જોશી**

આવશે ના પળ ફરી બીજી હવે,
જે હતી તે આંખમાં થીજી હવે.
મૌન ટાણું સાચવી શક્યા નહીં,
જીભ રાખે શબ્દની પરેજી હવે.
ભીંત પરની એ છબીના કારણે,
જીતની હાર્યો ફરી બાજી હવે.
આવશે સ્મરણ વરસતા આંગણે,
તો તમે પણ થાવને રાજી હવે.
માંડ આંખોમાં હયાતી પ્રગટી,
અંત વેળા લાગણી રીજી હવે.

૫, બ્રહ્મેશ્વર નગર, બ્રાહ્મણ સોસાયટી,
અમરેલી-૩૬૫૬૦૧, (મો) ૯૮૭૯૫૬૬૫૯૦

### ઉઝરડા

**જયંત ડાંગોદરા**

નરો કુંજરો વા જપે છે ઉઝરડા,
સતત દૂઝતા ઘા ખણે છે ઉઝરડા.
શરમથી ઘડીભર છુપાઈ ગયેલા,
હવે ફોડલી થઈ કળે છે ઉઝરડા.
હો ચૂલે ચડેલું કો આંધણ ન જાણે !
ચડે ત્યાં લગી ઊકળે છે ઉઝરડા
સળગતી રહેલી સિગારેટ માફક,
સતત આંખ સામે જલે છે ઉઝરડા.
ભલેને અમસ્તો જ ફેંક્યો હશે પણ,
સકળ શાંત જળમાં પડે છે ઉઝરડા.
જો હળવેકથી સાંજનાં એ ફલક પર,
ઉદાસી નરી ચિતરે છે ઉઝરડા
બચાવો પ્રભુ ગાય જેવી ત્વચાને,
આ ધણખૂંટ જેવા ધસે છે ઉઝરડા.
ન માળા ન તસ્બી ન જંતર કે મંતર,
છતાં પાટ-પીડા ભરે છે ઉઝરડા.
હતો સ્પષ્ટ ઉત્તર સરળ પ્રશ્નો પણ,
નરો કુંજરો વા જપે છે ઉઝરડા

ડી-૪૦૪, શ્રીરામ કૃટિર, સ્વામિનારાયણ પાર્ક સામે,
હરિદર્શન ચાર રસ્તા, નવા નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦
(મો) ૯૯૭૪૧૭૮૭૮૩(E-Mail jayantdangodara@gmail.com


ISSN 0976-9609

## ।। વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ।।

### ખવાઈ જતા પાયા

**જુગતારામ દવે**

પ્રજા આપ-મતલબી થઈ ગઈ છે; પગાર, નફા અને આરામને ધ્યેય કરીને વર્તવા લાગી છે; તે ધ્યેયને ખાતર સત્ય, નીતિ, સંયમ, સ્વદેશી, રાષ્ટ્રભક્તિ વગેરે માનવધર્મો છોડવા માંડ્યા છે; એ બધું હોશિયારીથી છોડવું એ ભણેલાના ભણતરની નિશાની ગણાય છેઃ આ ટેવો માત્ર ઉપદેશથી બદલી ન શકાય. બાળકોની કેળવણી એવી રીતે યોજો કે જાતમહેનત, સ્વાવલંબન અને સેવાજીવનનો તેમને સ્વાદ લાગી જાય; તેમને પોતાના દેશબંધુઓ ઉપર ઊંડો અંતરનો પ્રેમ જન્મે; તેમની અંદર ભળવાની, તેમને ખાતર ઘસાવાની લગની લાગે; બાળકો સાદા છતાં આનંદી ગ્રામજીવનનાં સ્વપ્નાં સેવતાં થાય અને તે સિદ્ધ કરવા ખાતર આકાશપાતાળ એક કરવાની તમન્ના સેવતાં થાય!

પ્રજા દિવસે દિવસે ઠોઠ, બેઠાડું અને જડ બનવા લાગી છેઃ બાળપણથી કેળવણી એવી યોજો કે વૈજ્ઞાનિક રીતે વિચારો કરવાની અને તેનું જીવન જીવવાની બાળકોને લઢણ લાગી જાય.

આજે ગામો ભાંગવા લાગ્યાં છે અને ગ્રામ ઉદ્યોગી ઉજ્જડ થવા લાગ્યા છેઃ કેળવણીની યોજના એવી ઘડો કે બાળકોની કેળવણી ચાલતી જાય અને અને સાથે સાથે ગામોનું નવનિર્માણ થતું જાય! વિવિધ ગ્રામોદ્યોગો અને કળા-કારીગરી આવડે તો જ બાળકો આ નવનિર્માણના કાર્યમાં આનંદ સાથે પોતાપોતાનાનો નાનકડો ફાળો આપી શકે.

પ્રજા-ચારિત્ર્યના ખવાઈ જતા પાયાઓ પાયાની કેળવણી મારફત ફરીથી મજબૂત કરવાની રાષ્ટ્રપિતાની કલ્પના છે. જીર્ણ થઈ જતું અને સડી જતું જીવન નીરોગી બનાવી દેવાની એ કલ્પના છે.

'અરધી સદીની વાંચનયાત્રા'માંથી સાભાર

## ।। લઘુકથા ।।

### અનિકેતા

**હસમુખ રામદેપુત્રા**

મીના હાયર સેકન્ડરીનો અભ્યાસ પૂર્ણ કરી કૉલેજમાં જઈ, ઉચ્ચ અભ્યાસ કરવા માંગતી હતી. તે મહત્ત્વાકાંક્ષી હતી, તેને કોઈ મોટા અધિકારી થવાની તમન્ના હતી. પરંતુ તેનાં કુટુંબીજનો આ વાતનાં વિરોધી હતા.

મીનાની માતા કહેતીઃ હવે તારે ભણવાનું નથી.

મીના પૂછતીઃ શા માટે?

તરત જ મીનાને જવાબ મળતોઃ તું, તારા ઘરે જઈને ભણજે?

મીનાના લગ્ન થઈ ગયા. તે સાસરે આવી ઘરના બધા સભ્યો ખૂબ જ માયાળુ લાગ્યા. મીના આવું સુંદર ઘર પામી ખુશ થઈ ગઈ.

એકવાર મીનાએ તેના સાસુ આગળ વાત વહેતી મુકીઃ હવે હું આગળ અભ્યાસ કરૂં તો?

આ સાંભળી મીનાની સાસુએ કડવાશથી કીધુંઃ હવે તું ક્યાંથી ભણવાની? ભણતર તો તારા ઘરે જ પૂરું થઈ ગયું. આ તો સાસરું છે. અહીં ભણવાનું ક્યાંથી હોય?

મીના વિચાર કરવા લાગીઃ ઘર કોને કહેવું? પિયરને કે સાસરિયાને?

અવધ, બ્લોક નં૭૬, સેટેલાઈટ ૨પાર્ક સોસાયટી,
સાધુ વાસવાણી રોડ, પાટીદાર ચોક પાસે,
યુનિવર્સિડટી રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫
મો.નં. ૯૮૭૯૪૮૫૬૬૭

## ।। લાઘવિકા ।।

## દુખતી નસ

પ્રજ્ઞા ધારૈયા

''જો આની દીકરી દેવદાસી બની. કેટલા વર્ષો પછી અમારા ગામની દીકરી પસંદ કરાઈ.''

''પુણ્યશાળી જીવ ભાઈ. વળી એવા જીવને જન્મ લેવા લાયક કૂખ પણ જોઈએ ને!''

''આવા સુયોગ વરસોમાં ક્યારેક થાય.''

બેની સિંહને જોઈ લોકો આવી વાતો કરતા અને બેની સિંહ પોરસાતો. પોરસાતો વાડીમાં લહેરાતા ફૂલ છોડને હેતાળ હાથે પસવારતો. બે ચાર મહિના વહી ગયાં.

''જો ઓલી દેવદાસીનો બાપ.''

''ધર્માંધ નહીં તો બીજું શું? કાંઈ આંખ ન હોય એ જ આંધળા?''

જેટલા મોઢાં એટલી વાતો થતી અને બેની સિંહ વિચારે ચડી જતો.

એની મા સાચું જ કહેતી કે જોગવાઈ નહીં થાય તો બે છોકરાનો બાપ ગોતશું, આપણા જેવો મજૂર ગોતશું. પણ...

છોકરી જ નવાં નવાં કપડાં ઘરેણાંથી અંજાઈ ગઈ. છોકરી જ રાજી હોય પછી આ કોઈ મૂકે? પછી તો મારું ય શું હાલે?

''બેની સિંહ....! હવે શું કામ ટાઢ. તડકો ખમે છે? હવે તો આ મંદિર તારે દૂઝણી ગાય છે.'' કોઈએ ટોણો માર્યો અને બેની સિંહ વિફર્યો. ધારિયું લઈ મંદિર તરફ દોડ્યો. દીકરી વસંતી પણ પાછળ દોડી.

''પૂજારી....! ક્યાં છે ફૂલ મણિ? બોલાવ એને.'' એણે ત્રાડ નાખી.

''દેવી અત્યારે આરામમાં હોય. આરતી સમયે દર્શન આપશે.''

''અરે એ છોકરી છે મારી. એને જઈને કહે કે એનો બાપ આવ્યો છે.''

મામલો વકરશે એમ લાગતા ખંધા અને મુત્સદ્દી ટ્રસ્ટીએ કહ્યું. ''તું શાંત થા બેની, બેસ અને આ કોણ છે? તારી બીજી દીકરી છે?'' બેની સિંહનો ધારિયું ઉગામેલો હાથ ઢીલો પડી ગયો.

૩૦૧, ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ, વૃંદાવન પાર્ક-૨,
લાઠી રોડ, એસ.ટી. ડીવીઝન સામે, અમરેલી,
મો. ૯૪૨૯૬૮૬૭૭૬

**એમ.યુ.પટેલ (ટૅકનિકલ) હાઈસ્કૂલ :** ચારુતર વિદ્યામંડળ આશીર્વાદિત એમ.યુ.પટેલ (ટેક્.) હાઇસ્કૂલ, વલ્લભ વિદ્યાનગર ખાતે શ્રી સ્વામિનારાય ગાદી સંસ્થા, મણિનગર આયોજિત શિક્ષાપત્રી જન કલ્યાણ અભિયાન ગુજરાતી યાત્રા, જે આખા ગુજરાતમાં થઈ રહી છે. અંતર્ગત વ્યસન મુક્ત અભિયાન, ખરાબ આચરણ, ખરાબ સંગત, ઓનલાઈન ગેમિંગ, સટ્ટો-જુગાર જેવા અનેક સામાજિક મુદ્દાઓ એક નાટક દ્વારા રજૂ કરવામાં આવ્યું. જેનું સંચાલન જાણીતા ગુજરાતી ફિલ્મ એકટર સૌરભ રાજ્યગુરુ દ્વારા કરવામાં આવ્યું. સાથે શાળાના ભૂતપૂર્વ આ નાટક દ્વારા વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે ગમ્મત મળે તેવું આયોજન કરવામાં આવ્યું. શાળાના આચાર્ય શ્રી હસિતભાઈ પાઠક દ્વારા ઉપસ્થિત તમામ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું.

**એસ.એસ.પટેલ કૉલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન :** ચારુતર વિદ્યામંડળ, યુનિવર્સિટી સંલગ્ન એસ.એસ.પટેલ કૉલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર ખાતે ૨૦ નવેમ્બર ૨૦૨૫ તથા ૨૧ નવેમ્બર-૨૦૨૫ના રોજ એ. ડી. ગોરવાલા બ્લડ સેન્ટર (શ્રીકૃષ્ણ હૉસ્પિટલ એન્ડ મેડિકલ રિસર્ચ, સેન્ટર, કરમસદ) ના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ।। સમીક્ષા-૧ ।।

## ‘કુંડાળું’ પોતપોતાની વહેરતી પીડાને વેઠતાં પાત્રોની કથા

**રમણીક અગ્રાવત**

ગુજરાતી ફિલ્મોનાં કૂંડાળામાં મજબૂત વાર્તાવસ્તુ અને તેની અસરકારક રજૂઆતથી પોતાનું સ્થાન જમાવી શકે એવી ફિલ્મ લઈને વડોદરાની ફાઈન આર્ટ્સ કૉલેજ સાથે સંકળાયેલાં યુવાનો આવી રહ્યાં છે. ભરૂચની શ્રવણ વિદ્યાલયના મેનેજિંગ ટ્રસ્ટી તેમ જ અનેક ગુજરાતી ફિલ્મોમાં કામ કરી ચૂકેલા વૈભવ બીનીવાલેએ તા. ૨૩ નવેમ્બર ૨૦૨૫ના દિવસે ફિલ્મ ‘કુંડાળું’નો ખાસ શૉ ગોઠવેલો. કોઈ લઘુનવલને જે ચુસ્તીથી તેનો લેખક કાગળ પર આલેખે એવી જ ચીવટ અને કાબેલીયતથી ‘કુંડાળું’ ફિલ્મની સમગ્ર ટીમ કામ કરે છે. અભિનય કરનારાઓ અને એ અભિનય કલાને પડદા પાછળથી ઑપ આપતા કસબીઓએ ‘કુંડાળું’ને એક મહત્ત્વની ફિલ્મ બનાવી દીધી છે.

બોલવાની ખામી લઈને જન્મેલો વિકાસ કુકરવાડાની ગ્રામ્ય ધરતીનો માત્ર ‘વીકો’ બનીને રહી ગયો છે. ફિલ્મની શરૂઆત જ લગનનો ઢોલ બજવાથી થાય છે અને યુવાનીમાં પગ માંડતો જતો વીકો પોતાના માટેનો એવો ઢોલ કદી સાંભળી શકવાનો નથી. બહુ નાજુક વાર્તાવસ્તુને કૌશલ્ય અને કસબપૂર્વક આકારિત કરી શકાયું છે. વીકાના પાત્રને અભિનેતા સ્વયમ્ ગઢવીએ ક્યારેય શબ્દોમાં નહીં ઢળી શકતી ચીસો વડે જાણે ચિત્રિત કર્યું છે. સ્વયમ્-નો અભિનય એક આક્રંદને પડદા પર જાણે વહેતું કરી દે છે! વીકાનો બાપ જગાભાઈ પણ પોતાના બચપણમાં આ જ વ્યથાને ભોગવી ચુક્યા છે. ભીરુ હૃદયના જગાભાઈ પોતાના દીકરાની ખોડને ઢાંકીને કોઈ પારકી દીકરીને છેતરવા માગતા નથી. એમની હૃદયવ્યથા પોતાના બોલી નહીં શકતા દીકરાને એ સમજાવી શકે છે. વીકાની અતૃપ્ત જાતીય ઝંખનાનાં કુકરવાડાની સીમ અને પહાડીઓમાં પડઘા પડતા રહે છે. એક માબાપ વિનાની કન્યા સાથે વીકો કુંડાળે પડે તે પહેલાં વાત વણસી જાય છે.

ફિલ્મનાં નાયક-નાયિકા પોતપોતાની પીડા અલગ અલગ ભોગવે છે, ભોગવતાં જ રહે છે. ગામમાં લગ્નનો ઢોલ તો બજતો જ રહે છે પરંતુ જુદાં જુદાં કુંડાળે પડેલાં નાયક-નાયિકાને ભાગ્યે અળગાં રહેવાની પીડા સહેવાનું જ આવે છે. એમની પીડાને દર્શકોનાં મન સુધી પહોંચાડવામાં આ ફિલ્મના માત્ર અભિનેતાઓ જ નહીં, ફિલ્મ નિર્માણમાં સંકળાયેલા સૌ કલાકારો સફળ રહે છે. કુકરવાડાનાં બસ સ્ટેન્ડ પાસેથી પસાર થતી ડામરની સડક પર ઈંટના ટુકડાથી વીકો કુંડાળું દોરતો જ રહે છે, એને વારંવાર ઘૂંટતો રહે છે. એને ખબર નથી કે પોતે એ જ કુંડાળાનો કેદી છે. નિષ્ફળ લગ્નજીવનનાં કુંડાળાને વેઠતી નાયિકા પણ એવી જ પીડાને વેંઢારતું પાત્ર છે.

એક મજબૂત વાર્તાવસ્તુની અસરકારક રજૂઆત માટે ‘કુંડાળું’ ફિલ્મને દર્શકો વારંવાર જોશે, જોવા માગશે. સક્ષમ કલાકારોનું જૂથ આ ફિલ્મને ગુજરાતી ફિલ્મોનાં ગરવાં કુંડાળામાં મૂકી આપે છે. ગુજરાતી ફિલ્મોનો નવો યુગ આવી ગયો છે એ વાતને ફિલ્મ ‘કુંડાળું’ ગાઢપણે અધોરેખિત કરે છે.

---

## ।। સમીક્ષા-૨ ।।

## ગુજરાતી ફિલ્મ : ‘લાલો શ્રી કૃષ્ણ સહાયતે’ – મારી નજરે

**રમેશ તન્ના**

૨૨મી નવેમ્બર, શનિવારે રાત્રે છેવટે ‘લાલો શ્રી કૃષ્ણ સહાયતે’ ગુજરાતી ફિલ્મ જોઈ.
ગમી એમ તો ના કહેવાય, સ્પર્શી ગઈ ફિલ્મ.
આ ફિલ્મ નથી, એક ઉત્તમ કલાકૃતિ છે.
ફિલ્મની કથા-પટકથા ચુસ્ત છે. ફિલ્મ મનોરંજનથી ઉપર ઊઠે છે અને પ્રેક્ષકને એક સંદેશ આપે છે. સંવાદો સરળ હોવા સાથે અર્થસભર છે. સીધો સંદેશ

આપતા સંવાદ ક્યાંક ખટકતા નથી, ઉપરથી ગમે છે, સ્પર્શે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના મુખ્ય સારને આ ફિલ્મ સરળ રીતે લોકોને સમજાવે છે. ફિલ્મ જાણે કે કહે છેઃ સંપૂર્ણપણે ભગવાન આધારિત નથી થવાનું, કર્મ કરીને ભગવાનને સોંપી દેવાનાં છે. ભગવાનને કાયમ સાથે રાખો, પણ કર્મનો અભિષેક કરતાં જ રહો. નિષ્ઠા સાથે સાચાં કર્મ કરશો તો જ ભગવાન સાથે આપશે. ફિલ્મનું મેકિંગ ખૂબ સુંદર છે. દિગ્દર્શન અદભૂત છે. દિગ્દર્શકે એક-એક દશ્યને કાવ્યકૃતિ બનાવી છે. એવાં અનેક દશ્યો છે જે સૂઝપૂર્વક શૂટ કરાયાં છે. ફિલ્મપ્રવેશનું ઑટો રીક્ષા લઈને જતા નાટકનું દશ્ય પ્રથમ જોઈને જ તેનો અંદાજ આવી જાય છે. આ ફિલ્મ અંકિત સખિયાની દિગ્દર્શક તરીકેની પહેલી ફિલ્મ છે પણ લાગતી નથી. (ફિલ્મના અંતે નામાવલિમાં તેમનું નામ અંકિત રેખાબહેન સખિયા તરીકે લખાયું છે. ખૂબ ગમ્યું) મેં તેમની ઘણી મુલાકાતો સાંભળી-જોઈ. અંકિતમાં ભરપૂર શક્યતા છે. એ સભર અને સાર્થક ફિલ્મમેકર છે. તેની પાસે પરિપક્વતા સાથે મૌલિક દૃષ્ટિ પણ છે. નાયિકા રીવા રાચ્છનો અભિનય ઉત્તમ છે. તે સહજ અભિનય કરે છે. કુદરતી રીતે જ તેમનું પાત્ર હૃદયસ્પર્શી રહે છે. તુલસીના પાત્રને તેણે એવું તો સરસ રીતે ભજવ્યું છે કે ગુજરાતની લાખો બહેનો તુલસીની વેદનાને કારણે ખૂબ રડી છે. અત્યાર સુધી ગુજરાતી મહિલા પ્રેક્ષકોને અનેક કળાકારોએ આંસુ પાડતા કર્યા છે, પણ તેમાં રીવા-તુલસીનો કદાચ પ્રથમ નંબર આવે. કમાણી ઉપરાંત આંસુનો પણ આ ફિલ્મ વિક્રમ કરશે કદાચ. ....અને લાલો પહેલો. એટલે કે ઑટો રીક્ષા ચાલક લાલો. કરણ જોશી. ને આ ફિલ્મમાં કરણ જોશીનો અભિનય અફલાતૂન લાગ્યો. સૌથી ઉત્તમ પરફોર્મ કરવાની પોતાને મળેલી તક તેણે ઝીલી બતાવી છે. લાલોનું ભોળપણ કરણ જોશીએ જીવી બતાવ્યું છે. કેટલાંક દશ્યો તો વિશ્વ સ્તરનાં. લાલોના પાત્રમાં કરણ જોશી ઓગળી ગયા છે. આ ફિલ્મ તેમને શ્રેષ્ઠ અભિનેતા માટેના અનેક એવોર્ડ અપાવશે. કરણ જોશી પાસેથી ઉત્તમ દિગ્દર્શકોએ ઘણું કામ લેવા જેવું છે...અને લાલો બીજો. એટલે કે શ્રી કૃષ્ણ. શ્રુહદ ઉત્તમ ભૂમિકા ભજવી છે. શ્રી કૃષ્ણ જેવા દેખાવું અને તેના જેવા થઈ બતાવવું.. તેમાં ફરક છે. શ્રુહદ ગૌસ્વામીએ પોતાના પાત્રને પૂરો ન્યાય આપ્યો છે. એક લાલોને મદદ કરતો બીજો લાલો. ફિલ્મમાં અન્ય પાત્રોએ પણ ભૂમિકા એટલી સારી રીતે અદા કરી છે કે ક્યાંક અસમતુલા દેખાતી નથી. કેટલાક પ્રેક્ષકોને શરૂઆતમાં તો વળી કેટલાકને મધ્યમાં ફિલ્મની ગતિ ધીમી પડતી લાગે છે, પણ પટકથા-દિગ્દર્શન અને અભિનયની સબળ રજૂઆત તેને અતિક્રમી જાય છે. મંથનની સ્થિતિ રંજનમાં અટવાઈ ગઈ હોય તો ફિલ્મની ગુણવત્તાને પણ અસર થઈ હોત!! ફિલ્મનું સંગીતનું પાસુ મજબૂત છે. પ્રારંભમાં હજી એક સુંદર ગીતની જરૂર હતી. દ્વારિકાનો નાથ મારો રાજા રણછોડ છે... એ ગીતે પણ ફિલ્મને વધુ સફળ બનાવવામાં મોટી મદદ કરી છે. તેનું ચિત્રાંકન પણ ઉત્તમ રીતે થયું છે. ફિલ્મ 'મા-બાપ'માં અસરાની અમદાવાદના રીક્ષાવાળાની ભૂમિકામાં હતા, અહીં કરણ જોશી જૂનાગઢના ઑટો રીક્ષાવાળા છે. એક અર્બન એક નગર. અમદાવાદના રીક્ષાવાળાએ અમદાવાદ બતાવ્યું હતું, (હું અમદાવાદનો રીક્ષાવાળો) આ રીક્ષાવાળાએ પ્રેક્ષકોને દ્વારકાના રાજા રણછોડનાં દર્શન કરાવ્યાં. જાણીતા કે નીવડેલા કળાકારોથી જ ફિલ્મ સફળ થાય તે માન્યતા આ ફિલ્મે ખોટી પાડી છે. આ ફિલ્મે જે લોક-પ્રતિસાદ મેળવ્યો છે તે અનુપમ અને અપૂર્વ છે. આ કાર્તિકેય ભટ્ટ કે અન્ય ફિલ્મ-નિષ્ણાતે લાલો ફિલ્મ વિશે, તેના પ્રતિસાદ વિશે ઝડપથી એક પુસ્તકનું સંપાદન કરવું જોઈએ. કારણ કે આ વિક્રમી-પરાક્રમી સર્જન છે અને તેનું સમયસર દસ્તાવેજીકરણ થઈ જવું જોઈએ. આ ફિલ્મ સફળ થઈ તેનું કારણ લાલો એટલે કે શ્રીકૃષ્ણ પોતે જ છે. સદીઓથી લોકો, વિશેષ કરીને મહિલાઓના મન-હૃદયમાં લાલો-કાનુડો અખંડ રીતે-પ્રીતે પ્રસ્થાપિત છે. લાલા સાથેનું આ એટેચમેન્ટ ફિલ્મ સાથે જોડાઈ

ગયું એટલે ચમત્કાર થયો. ફિલ્મ લાખો લોકોના હૈયે વસી, આંખોમાંથી વરસી અને હવે વિક્રમ કમાણીના પ્રદેશમાં પ્રવેશી. ફિલ્મ સાથે જોડાયેલા તમામને દિલથી અભિનંદન.

(આ ફિલ્મમાં તો નવી સવારનું ગીત પણ છે. પૉઝિટિવ મીડિયાની યૂ-ટ્યૂબ ચેનલનું નામ છેઃ નવી સવાર.)

હવે એક દિલની વાત કહું. ચાલો, ફિલ્મ ખૂબ સારી છે, ગુજરાતી ફિલ્મ ઈતિહાસની શ્રેષ્ઠ ફિલેમાં સ્થાન પામશે. કમાણી પણ સારી થશે એ બધુ તો બરાબર,....પણ શું આ ફિલ્મ ગુજરાતના લોકોને શ્રીમદ્ ભગવદ્ ગીતાના કર્મના સિદ્ધાંતને જીવનમાં અમલી બનાવવા પ્રેરી શકશે? ગુજરાતના લોકોની ભક્તિ વેવલી થઈ ગઈ છે. ધર્મને બદલે સંપ્રદાયો વધી રહ્યા છે. ધર્મના સ્થાને ધર્માંધતા પુષ્કળ પ્રમાણમાં પ્રવર્તમાન છે. લોકો એટલા બધા ભગવાન આધારિત થઈ ગયા છે કે પોતાનો આત્મવિશ્વાસ ખોઈ બેઠા છે. દોડી દોડીને લોકો મંદિરમાં માગવા જઈ રહ્યા છે. વ્યસનો અને આળસ વધી રહ્યાં છે. 'થાય તો કરીએ'ને બદલે 'કરીએ તો થાય જ' જેવા ભાવ ખોવાઈ ગયો છે ત્યારે લાલોએ ગીતામાં જે કહ્યું હતું તે બધાના જીવનામાં આવે તો આ ફિલ્મની સફળતા ખરેખર સાર્થકતામાં પરિણમે. ખેર, આટલી ઉત્તમ ફિલ્મ બનાવવા માટે ફિલ્મ સાથે જોડાયેલા તમામ લોકોને અગિયાર દરિયા ભરીને અભિનંદન આપીએ અને ભવિષ્યમાં પણ આવી જ ઉત્કૃષ્ટ કૃતિઓ સર્જતા રહે તેવી પ્રાર્થના કરીએ.

(પૉઝિટિવ મીડિયા માટે આલેખનઃ રમેશ તન્ના ૯૮૨૪૦૩૪૪૭૫)

---

## ॥ વિદ્યાવૃત્ત ॥

**શાળા સ્તરે વોકેશનલ સ્કીલ કોમ્પિટિશન યોજાઈ :**

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ) ખાતે વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત શાળા સ્તરે વોકેશનલ સ્કીલ કોમ્પિટિશનનું સફળ આયોજન તા.૨૮-૧૧-૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું. શાળા સ્તરે વોકેશનલ સ્કીલ કોમ્પિટિશનનું સફળ આયોજન તા.૨૮-૧૧-૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ પ્રિન્સિપાલ શ્રી ભાવેશ ભટ્ટ તથા વોકેશનલ વિભાગના આઈટી શિક્ષક શ્રી લતેશ પટેલ ના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો.આ કાર્યક્રમને યોગ્ય, નિષ્પક્ષ અને વ્યાવસાયિક નિર્ણય આપવા માટે વિદ્યાનગર પોલીસ સ્ટેશનના અધિકારી શ્રી રાઠોડ સાહેબ અને સાયબર સેલ એક્સપર્ટ શ્રી સૌરભ પટેલએ નિર્ણાયક તરીકે મહત્વપૂર્ણ સેવા આપી. તેમણે વિદ્યાર્થીઓની કુશળતા, પ્રોજેક્ટની ગુણવત્તા અને નવીનતા આધારિત મૂલ્યાંકન કર્યું.

સ્પર્ધામાં વોકેશનલ વિષયના અંદાજે ૮૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કુલ ૨૦ ટીમોએ પોતાની સર્જનાત્મકતા અને ટેકનિકલ કુશળતા દર્શાવતા ૨૦ જેટલા Working Projects રજૂ કર્યા હતા. સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં Creativity, Innovation, Technical Knowledgeતથા Problem-Solving Skillsનો વિકાસ કરાવવાનો હતો. વિદ્યાર્થીઓએ આજના સમયની વિવિધ વાસ્તવિક સમસ્યાઓના ઉકેલો પ્રોજેક્ટ સ્વરૂપે રજૂ કરી ઉત્તમ પ્રતિભા દર્શાવી.

આ આયોજન દ્વારા સ્કૂલના Vocational Education વિભાગને નવી પ્રેરણા મળી છે અને વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાન વધારવાનો સુંદર અવસર પ્રાપ્ત થયો છે.

## ।। લલિત નિબંધ ।।

## એક કોણ...?

**રમેશ પટેલ**

...એ ફૂલોની સુગંધ લઈ હવાના કેનવાસ પર પતંગિયું દોરી ગયો ...

સાંજના આકાશના રંગો લઈ કોઈ મારી નાનકડી ઝૂંપડીની છાણમાટીની દીવાલને રંગી ગયો. અમાસનો કાળા રંગ લઈ ઝૂંપડી બહાર વાર્લિ પ્રિન્ટિંગ કરી ગયો.

એ ફૂલોની સુગંધ લઈ હવાના કેનવાસ પર રંગીન પતંગિયું દોરી ગયો.

પવન-કૃષ્ણ થઈ વાંસવનમાં વાંસળી વગાડી ગયો. રણની ઉષ્ણ રેતી પર ગંગા નદીનું ચિત્ર દોરી ગયો.

કાગડાની પીંછીથી આમ્રકુંજમાં ડાળીએ કોયલનું ચિત્ર બનાવી લટકાવી ગયો. હિમાલયના ખૂબ ઊંચા શિખર પર એ મૌન બેસી, મુનિ-ઋષિ બની ગયો! કોઈ બાળકના રડવાનો ધ્વનિ લઈ માતાના 'વાત્સલ્ય' નું ચિત્ર દોરી ગયો!

નાના બાળકને ઉપવનમાં લાવી રમત-રમાડતાં જોઈ ફૂલોને મઘમઘ હસાવી ગયો! દરિયા કિનારે ભીંની રેતીમાં બેસી ઝરણાનું ચિત્ર દોરી ગયો.

રાતે આકાશમાં ઝગમગતા તારાઓ લઈ મારી ઝૂંપડીના છત પર ગોઠવી ગયો. શિશુ બની એ મારી ડાયરીમાં ગરબડિયા હાથે સુંદર બાળ કવિતાઓ લખી ગયો.

મેઘધનુના રંગો લઈ મોરપીંછ દોરેલું ચિત્ર કૃષ્ણની મૂર્તિ નજીક મૂકી ગયો! મંદિરમાં થતા ઘંટારવના ધ્વનિ લઈ, મંદિર પર ધ્વજારોહણ કરી ગયો.

રવીન્દ્રનાથ ટાગોરની સફેદ દાઢી જેવું ડુંગર પરથી ઝરણું વહાવી ગયો!

મોનાલિસાના 'હાસ્ય' વડે તે ...જ્યોતીન્દ્ર દવેનું સુંદર (રંગતરંગ)-ચિત્ર દોરી ગયો.

ચાંદનીના તેજની કલમ ચકોરના હાથમાં આપી, ચંદ્રને પ્રેમપત્રો લખતા શીખવી ગયો! ધુમ્મસના મુખપૃષ્ઠ પર સાત અશ્વોનું ચિત્ર દોરી ગયો!

કવિ પાસે તે અનુપમ કવિતાઓ લખાવી ગયો! ડાંગના જંગલોમાં વહેતા ધોધના જલશિકરો વડે તે ઇન્દ્રધનુ દોરી ગયો!

તે ધતુરાનું ફૂલ બની શિવ મંદિરમાં પૂજા કરવા બેસી ગયો. બીલીવૃક્ષ પર તે બીજનો ચંદ્ર બની ગયો. બીજચંદ્રના દાતરડા વડે તારાઓનું તૃણ વાઢી રાતના આકાશને આપી ગયો.

મેઘલી રાતે આગિયાના તેજ- જળથી રાતને ભીંજવી ગયો! ખ..ર..તાં પારિજાતના ફૂલો બની વહેલી સવારે ધરતી પર 'સ્વસ્તિક' અને 'ૐ'(ઓમ) દોરી ગયો!

ઉનાઈના ગરમ પાણીના કૂંડમાંથી નીકળતી ગરમ.. વરાળ લઈ જ્વાળામુખીનું ગુસ્સો દર્શાવતું ચિત્ર દોરી ગયો! તે કવિઓના મનમાં શબ્દ-બીજ રોપી ગયો!

ધરતીને ઉનાળામાં તાપથી બચાવવા ..રક્ષવા તે વૃક્ષોની છત્રી લઈને ઊભો રહી ગયો!

તે ચંચળ હરણું બની જંગલમાં મંગલ કરી ગયો. તે નાનકડા દીપકના તેજ વડે મારી ઝૂંપડીની દીવાલ પર સૂરજનું ચિત્ર દોરી ગયો!

તે મને આજે શ્રીમદ્દભગવતગીતા, રામાયણ અને મહાભારતનું જ્ઞાન પીરસી ગયો.

આકાશના શ્યામ વાદળો વડે તેમને 'અમીબા' વિશે વિજ્ઞાનનું જ્ઞાન આપી ગયો! તે મારી હાથની હસ્તરેખામાં સુદામાનું ચિત્ર દોરી ગયો! તે મારા સ્વપ્નમાં વરસાદ વરસાવી મારી ત્વચા પર લીલુછમ્મ ઘાસ ઉગાડી ગયો. પ્રથમ વરસાદ વરસાવી ધરતીને મહેકતી કરી ગયો. ખેડૂતોના પ્રસ્વેદનું રૂપાંતર કરી


ISSN 0976-9609

કણસલા ઉપર મોતીઓના દાણાઓ બની ઝળહળી ઊઠ્યો!

આ કડકડતી ઠંડીમાં મારા ગળામાં શિવજીનો મફલર રૂપી-નાગ પહેરાવી ગયો! મને તે ટાગોરના 'શાંતિનિકેતન'માં ભણવા મૂકી ગયો. મારા ગામની શેરીઓમાં ઊડતી ધૂળની રજકણો પર સૂરજનું ચિત્ર દોરી ગયો!

તાજી વિયાયેલી ભેંસના દૂધને ઉકાળી 'બળી' બનાવી શહેરી બાળકોને એના ચપટા ચખાડી ગયો.

મંદિરના પગથિયે બેઠેલા ભિખારીના કપાળ પર ચંદનનું તિલક કરી ગયો.

મારા ઘરના ગ્રંથાલયોમાં બેસી મારા પુસ્તકોનું પરિશીલન કરી ગયો. મને અનેક મૌલિક વિચારોની ભેટ ધરી ગયો. મને ઊંચકીને લઈ જઈ અનેક બ્રહ્માંડોની યાત્રા-પ્રવાસ કરાવી ગયો!

બાને ચૂલા ઉપર તાવડી ઉપર રોટલા ઘડતી જોઈ તાવડીને હસાવી ગયો! રણમાં તરસતા ઊંટનું ચિત્ર મૃગજળ (મરીચિકા) પર દોરી ગયો! મને તે મારી ક્ષણેક્ષણનો ઉપયોગ કરવાનું શીખવી ગયો.

ગરીબના દુ:ખ દર્દ જોઈ તે રડી પડ્યો!!!

સ્વિઝરલેન્ડમાં મારી પત્નીના અવસાન (તા.૩૦/૦૭/૨૦૧૬) ટાણે તે મારી જોડે પોક મૂકીને રડી પડ્યો!!! મારી આંગળી પકડી મને બાળપણમાં ચાલતા શીખવી ગયો. મારા દફતરનો ભાર ઉપાડી મને મારી શાળાએ મૂકી જતો! મને દુનિયાના સર્વ લોકો પ્રતિ પ્રેમ કરવાનું શીખવી ગયો. તે નાના બાળકને જોઈ બાળક બની તેની સાથે રમવા લાગ્યો!

એ યુદ્ધ ન કરવા બુદ્ધ બની દુનિયાને શીખવી ગયો. તે રંકના આંખોનું આંસુઓ બની દરિયાનું સર્જન કરી ગયો !!! તે ચાંદરૂપી ચંદ્રક મારી હથેળીમાં મૂકી ગયો.

ગુલાબના ફૂલો વડે પંડિત જવાહરલાલ નેહરુનું ચિત્ર દોરી ગયો. સત્ય અને અહિંસાના શબ્દો વડે તે મહાત્મા ગાંધીજીનું ચિત્ર દોરી ગયો. તે નાના બાળકના ગાલ પર ચુંબન કરી ગયો.

એ મારી એકાંત ક્ષણને રણઝણ.. રણઝણ... કરી ગયો. મારા હાથમાં પકલમ પકડાવી આ બધું અનોખું લખાવી ગયો... એ કોણ...?!

---

'પ્રાંજલ', ૩૦, આનંદ વાટિકા સોસાયટી,
સરદાર પૂલ પાસે, અડાજણ રોડ,
સુરત-૩૯૫ ૦૦૯ (મો.) ૯૮૨૫૧ ૦૦૨૫૫
(તા.૧ ડિસેમ્બર, ૨૦૨૫)

---

## ।। વિદ્યાવૃત્ત ।।

**એસ.એસ. પટેલ કૉલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન દ્વારા બ્લડ કેમ્પ અને થેલિસિમિયા સ્ક્રિનિંગ ટેસ્ટ કેમ્પનું આયોજન :** ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંલગ્ન એસ. એસ. પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર ખાતે તા. ૨૦/૧૧/૨૦૨૫ તથા ૨૧/૧૧/૨૦૨૫ના રોજ એ.ડી.ગોરવાલા બ્લડ સેન્ટર (શ્રીકૃષ્ણ હૉસ્પિટલ એન્ડ મેડિકલ રિસર્ચ સેન્ટર, કરમસદ) ના સહયોગથી બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અને તા. ૨૫/૧૧/૨૦૨૫ના રોજ ઇન્ડીયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી થેલિસિમિયા સ્ક્રિનિંગ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. બી. એલ. નાગર તથા N.S.S. કોર્ડિનેટર ડૉ. દિલીપ મોરીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું. આ થેલિસિમિયા સ્ક્રિનિંગ ટેસ્ટ કેમ્પમાં કૉલેજના સમગ્ર સ્ટાફ તેમજ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## ।। આસ્વાદ ।।

## સ્ત્રી જીવનને જાગતું અને જગાડતું સંવેદન : એકવીસમું ટિફિન

મહાવીર રબારી

ભાવનગર જિલ્લાના લાખાવડ ગામમાં જન્મેલ રામ મોરી સાંપ્રત ગુજરાતી સાહિત્યના યુવા સર્જક છે. નાનપણથી દાદા-દાદી અને માતા પાસે કથાઓ, વાર્તાઓ ગળથૂથીમાં મળેલી છે, એ રીતે વાર્તારસ લોહીમાં છે. અભ્યાસ માટે એન્જિનિયરિંગમાં એડમિશન લીધું પણ સાહિત્યના ખેંચાણથી તે તેમાં રહી શક્યા નહીં. એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતાં કરતાં તે શામળદાસ કૉલેજમાં આયોજિત થતી ગદ્યસભામાં જવા લાગ્યા. ત્યાંથી તેમનો સાહિત્ય પ્રત્યેનો રસ વધુ ઘેરો બન્યો. ભાવનગરથી અમદાવાદ આવે છે અને ત્યાં આવ્યા બાદ ફિલ્મમાં કામ કરતાં લોકો, ટી.વી.માં કામ કરતાં લોકો સાથે સંપર્કમાં આવે છે. આમ, તે અમદાવાદ સ્થાયી થાય છે. મહોતું, કોફી સ્ટોરીઝ, કન્ફેશન બોક્સ, સત્યભામા જેવી કૃતિઓ આપણને તેમની પાસેથી મળે છે, સાથે સાથે તેમણે ફિલ્મના ક્ષેત્રમાં સ્ક્રીપ્ટ રાઇટર તરીકે પણ ખૂબ ઉમદા કાર્ય કર્યું છે. તેમના મહોતું વાર્તાસંગ્રહને દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત પણ કરવામાં આવેલ છે.

રામ મોરીએ તેમની વાર્તાઓમાં વાસ્તવિક જીવનના પ્રશ્નો અને ખાસ કરીને સ્ત્રી જીવનના પ્રશ્નો, તેની સમસ્યાઓ, તેની સ્થિતિ, સામાન્ય જીવન જીવતી પણ વિશિષ્ટ સ્ત્રીઓએ તેમના વાર્તાના કેન્દ્રો છે. પન્ના ત્રિવેદી દ્વારા સંપાદિત ગુજરાતી નવલિકા ચયન ૨૦૧૫માં સમાવિષ્ટ એકવીસમું ટિફિન એ રામ મોરીની સ્ત્રી સંવેદના કેન્દ્રી વાર્તા છે. સર્જકે અહીં એક ઘરમાં બનતી ઘટના લઈ વાર્તા સર્જી છે. નીતુ અને તેની મમ્મી બંને પાત્રના સંવાદથી આ વાર્તા આરંભાય છે. નીતુની મમ્મી નીતુને બૂમ મારી રસોડામાં બોલાવી વીસ ટિફિન ભરવામાં મદદ કરવા કહે છે ત્યાં બંને વચ્ચે ટિફિન ચાલુ રાખવા અને બંધ કરવા ચર્ચા થાય છે. ત્યારે તેની મમ્મી ટિફિન કેમ ચાલુ રાખ્યા છે તે માટેના  કારણો આપે છે તેના પપ્પા પાસેથી પૈસા લીધા વિના જે ઘરખર્ચ ચાલે છે તે તથા નીતુનો કોલેજનો ખર્ચ પણ આમાંથી મેનેજ થાય છે તે બધુ તે જણાવે છે. ત્યારે નીતુ તેના પિતા પ્રત્યેના લગાવને કારણે કહે છે - "તું શું કહેવા માંગે છે કે પપ્પા એમની જવાબદારીથી દૂર ભાગે છે? એમણે તારા પર ધ્યાન નથી આપ્યું? એ તને પ્રેમ તો કરે જ છે. આ ઘર આપ્યું, ખાવાનું આપી શકે છે, પહેરવા કપડાં આપી શકે છે, સાથે રહીને સેફ્ટી આપે છે. એ બધું તો જેલ પણ આપે છે." (પૃ.૧૦૧) આ સંવાદ થકી સર્જકે નીતુની મમ્મી કામ કર્યાં કરે તેના સિવાય તે એક પત્ની છે, તેને પણ લાગણી જોઈએ, તેની પણ કેર થવી જોઈએ તે પણ એક સ્ત્રી છે તેવી રીતે તેને રાખતા જ નથી તેનું સંવેદન ઝીલાયું છે.

ત્યારબાદ નીતુ તેની મમ્મી અને પપ્પાના વ્યક્તિત્વ વિશે વિચારે છે અને તેમાં તેને તેના પપ્પાને સતત વ્યસ્ત જીવતા જોયા છે જ્યારે તેની મમ્મીને રસોડામાં સતત કામ કરતી જ જોઈ છે. વીસ ટિફિન પેક કર્યા બાદ તે પાછી તેના ડ્રોઈંગરૂમ ચાલી જાય છે. તેની મમ્મી પણ ટી.વી. ચાલુ કરે છે ત્યારે નીતુ તેની મમ્મીને તેની વાળની સફેદ લટોને રંગવાનુ કહે છે ત્યારે તે ના કહે છે. જે છે એ બરાબર છે તેમ કહી તે દરવાજામાં ટિફિન પહોંચાડતા ભાનુદાદાની રાહ જોતી ઊભી રહે છે ત્યારે તે આ કામથી હવે થાકી જવાય છે, હવે વધારે નથી કરવા તેવી વાતો કરે છે. ત્યારબાદ ઘરમાં અંધારું લાગવાથી બારી ખોલવા સૂચન કરે છે નીતુ બારી ખોલે છે અને અજવાળું રૂમમાં પ્રવેશે છે. અહીં નીતુના મમ્મીના જીવનમાં, તેના રસોડાના અંધકારમય વાતાવરણમાં જે અજવાળું હવે આવવાનું છે તે બતાવ્યું છે. ગેટ ખૂલે છે અને એક પચ્ચીસ વર્ષનો યુવાન છોકરો પ્રવેશે છે તેના આગમનથી નીતુ અને તેની મમ્મી બંનેનું ધ્યાન તેના તરફ ખેંચાય છે. તેની મમ્મી તુરંત જ નીતુને ડ્રોઈંગ રૂમમાંથી અંદર તેના રૂમમાં જવા સૂચન કરે છે. તે


ISSN 0976-9609

યુવાનનું સુડોળ શરીર, તેના કપડાં, તેની આંખો બધું જોઈ નીતુ તેનાથી ખૂબ પ્રભાવિત થાય છે. તે યુવાન તેના પરિચયમાં તે ધ્રુવ મજમુદાર છે અને પોતે એંજિનિયર છે તેમ જણાવે છે. તે ધ્રુવ નીતુની મમ્મીએ બનાવેલ ટિફિન તેના મિત્રના ટિફિનમાંથી જમ્યો છે, તમારી રસોઈ ખૂબ જ સ્વાદિષ્ટ છે. તેવી પ્રશંસા કરી તેના માટે ટિફિન બનાવવા આગ્રહ કરે છે. તેની રસોઈની આવી પ્રશંસા નીતુ કે તેના પિતાએ ક્યારેય કરી નથી. નીતુને લાગે છે કે તેની મમ્મી ના પાડશે, પણ તે હા કહે છે. આજ સાંજથી જ મોકલીશ. આમ, વીસ ટિફિનમાં એકવીસમું ટિફિન ઉમેરાય છે.

આ એકવીસમું ટિફિન જ્યારથી શરૂ થાય છે ત્યારથી તેના મમ્મીના રસોડામાંથી પડતાં ઘાટા બંધ થાય છે અને તેને સ્થાને તાલબદ્ધ ધીમે ધીમે કંઈક ગણગણાટ રેલાવાનું શરૂ થાય છે. ટિફિન ભરાઈ ગયા બાદ આ એકવીસમાં ટિફિનમાં અલગથી મૂકવામાં આવતું ગોળકેરીનું અથાણું આ બધુ નીતુના ધ્યાનમાં આવ્યા વિના રહેતું નથી. તેને લાગે છે કે કંઈક બદલાયું છે. મહિનો પૂરો થાય અને છેલ્લા રવિવારે ધ્રુવ પૈસા આપવા આવે ત્યારે તેના માટે તેની મમ્મી આદું નાખીને ચા બનાવે છે પછી લાંબો સમય સુધી બંને બેસી વાતો કર્યા કરે. તે રસોઈની પ્રશંસા કરે, ક્યારેક રેસ્ટોરાં ખોલો આવા સૂચન કરે ત્યારે છ મહિના માટે રેસ્ટોરાં ખોલવું નહીં પોસાય આવી કોમેન્ટ પાસ થાય આ બધુ નીતુ જુએ છે તેને પપ્પા સાથે ઝઘડતી અને ધ્રુવ પાસે કોમેન્ટ પાસ કરતી તેની મમ્મી આ ધ્રુવના આવવાથી કેટલી બધી બદલાઈ ગઈ છે તેનો ખ્યાલ આવે છે. સફેદ લટોને કાળી બનાવી તે જ્યારે કેવી લાગે છે તેવું નીતુને પૂછે છે ત્યારે પોતે અને તેના પિતા વર્ષોમાં જે બદલાવ તેની મમ્મીમાં નથી લાવી શક્યા તે આ ધ્રુવ દ્વારા આવી ગયો તેવો અનુભવ થાય છે. કસકસતા અંબોડાને સ્થાને હવે તે ઢળતો અંબોડો રાખે છે. સાડીના કલરની નાની મેચિંગ બિંદી લગાવે છે, રસોઈ બનાવતા બનાવતા તેમાં પોતાનું મોઢું જોઈ થોડું મલકાય છે આ બધો બદલાવ નીતુનું ધ્યાન ખેંચ્યા કરે છે. તેની મમ્મી ધ્રુવના આવ્યા પહેલા હતી તે અને હવે બંને વચ્ચે તેને તફાવત લાગે છે. મહિનાનો છેલ્લો રવિવાર એટલે કે ધ્રુવ ડે પર ધ્રુવ આવે અને લાંબા સમય સુધી બેસે અને ચર્ચાઓ કરે જાય. ધ્રુવ એ બીજા ટિફિનવાળા કરતાં સ્પેશિયલ કેસ હોય તેવું નીતુ માનવા લાગે છે.

આ સ્થિતિમાં ધીમે ધીમે કરતાં સમય નીકળતો જાય છે અને એક દિવસ પેલો ધ્રુવ ધ્રુવ ડે પર નહીં પણ વચ્ચેના દિવસે એક ગિફ્ટ લઈ આવે છે, અને તેનો છ મહિના રોકાવાનો સમય પૂર્ણ થયો છે અને હવે તે જવાનો છે એમ કહી વિદેશી રેસિપીની બુક ગિફ્ટમાં આપે છે. ત્યારે નીતુ વિચારે છે કે આ હવે નહીં આવે. તેને અંદર કશુંક ખટકે છે. છેલ્લે મળવા આવેલ ધ્રુવને જતાં જોઈ તેને મમ્મીની ચિંતા થવા લાગે છે. ધ્રુવના જવાથી તેમના ડ્રોઈંગરૂમના વાતાવરણમાં સન્નાટો છ્વાઈ જાય છે, અને સાંજ ઢળવાથી અંધારું થવા લાગે છે. બારીના પ્રકાશથી પ્રવેશેલું અજવાળું નીતુના મમ્મીના રસોડાના અંધકારમય જીવનમાં પ્રવેશેલા અજવાળા સાથે અને ધ્રુવના જવાથી તથા સાંજના કારણે અંધારું થવાની ઘટના મૂકી સર્જકે નીતુની મમ્મીના જીવનમાં આવેલ પરિવર્તનની નોંધ લીધી છે.

હવે રોજની જેમ ટિફિન તો બને જ છે, પણ હવે છ મહિના પહેલા જોયેલી કસકસતો અંબોડો બાંધી, ગેસ પાસે હાંફતી મમ્મીને જૂએ છે. પણ ટિફિન ભરાયા બાદ તે અથાણું મૂકવા માટે બરણી ઉતરે છે, ત્યારે નીતુ હવે ધ્રુવ નથી તે માટે થતું તૂટક સૂચન સાંભળી બંને આંખો પણ મેળવી શકતા નથી. પણ નીતુ તેની મમ્મીની કોરી આંખોમાં છ્લકાયેલી ધૂંધળાશ જૂએ છે ત્યાં વાર્તા પૂરી થાય છે.

અહીં નીતુ, તેની મમ્મી અને ધ્રુવ જેવા ત્રણ પાત્રને પ્રત્યક્ષ રાખી તથા વીસ ટિફિનવાળા, નીતુના પપ્પા, ભાનુદાદા જેવા પાત્રોના ઉમેરણ થકી વાર્તાને રોચક બનાવી છે. માત્ર ઘરના પરિવેશમાં અને છ

મહિનાના સમયમાં જ ઘટતી ઘટના સર્જકે આપી છે. સ્ત્રીના જીવનની ઘટમાળ, તેની સ્થિતિ, ગૃહસ્થ જીવનમાં પતિ ઘરમાં નજીક તો રહે છે પણ પત્ની તરીકે લેવી જોઈતી તેની સંભાળ કે નોંધ પણ કોઈ લેતું નથી. આવા વાસ્તવિક જીવનમાં બનતાં પ્રશ્નોને, સ્ત્રીની સંવેદનશીલતાને- જરૂરિયાતને પોતાના કેમેરામાં ક્લિક કરી છે.

સંદર્ભ ગ્રંથ : ગુજરાતી નવલિકા ચયન- સંપા. પન્ના ત્રિવેદી,પ્રકા.ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૬

પીએચ.ડી. રિસર્ચ સ્કૉલર
અનુસ્નાતક ગુજરાતી વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦

**સાભાર સ્વીકાર પુસ્તકો /સામાયિકો**

'લયભંગ' લેઃ કાલિંદી પરીખ, પ્રઃવિવેકગ્રામ પ્રકાશન, માંડવી (કચ્છ). પૃ.૧૨૫, કિંઃરૂા.૧૮૦/-

વિચાર ભારતી, તંત્રી : ચંદ્રકાન્તભાઈ દવે
અંક ૯, ૧૦, પૃઃ ૨૦, કિંઃ રૂા.૫

'ઘરશાળા' તંત્રીઃ જ્યોતિન્દ્રભાઈ દવે.
રાજુભા ઝાલા, અંક ૭, પૃઃ૪૦ કિં : રૂા.૨૦/-

નવનીત સમર્પણઃ સંપાદક : દીપક દોશી.
અંક ૭, પ્ર. પી.વી. શંકરનકુટ્ટી બારતીય વિદ્યાભવન મુંબઈ. પૃ : ૧૩૮. કિંઃ૩૫/-

'પરિવર્તન' અંક ૧,૨ પ્રઃ ડૉ. નરસિંહ પરમાર
પરિવર્તન ટ્રસ્ટ, વલ્લભ વિદ્યાનગર.

સોમનાથ વર્તમાન તંત્રી શ્રી પ્રવિણ ક. લહેરી,
અંકઃ ૧૦૨, વર્ષઃ ૧૧, પ્ર.શ્રી સોમનાથ ટ્રસ્ટ
પૃઃ ૪૮, કિં : રૂા.૧૫/-

'આચમનની અંજલિ' લેઃ ચંદ્રકાન્ત પટેલ 'સરલ'
પ્રઃ શ્રી હિતેનભાઈ સી. શેઠ, પૃઃ ૧૦૪ કિં. રૂા.૮૦/
-

## ।। અનુવાદ ।।

## વ્યક્તિત્વ નિર્માણ અને રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણ માટેની પાઠશાળા...

**મૂ.લે.ઈન્દુશેખર તત્પુરુષ**
**અનુવાદકઃ મહેન્દ્ર નાયી**

આ વર્ષ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપનાનું શતાબ્દી વર્ષ છે. આ સંઘની સ્થાપનાનું ૧૦૦મું વર્ષ છે જેની સ્થાપના ૧૯૨૫માં વિજયાદશમીના દિવસે એટલે કે અશ્વિન શુક્લ દશામી, વિક્રમ સંવત ૧૯૮૨ના રોજ થઈ હતી.

સંઘ ભારતનું એકમાત્ર એવું સંગઠન છે જે તેની સ્થાપનાથી જ સતત વિકાસ કરી રહ્યું છે, પોતાની મૌલિકતા અને ગૌરવનું રક્ષણ કરી રહ્યું છે. કોઈ પણ સંગઠન માટે અણધારી રીતે વિસ્તરણ કરવું એ મોટી વાત નથી. તેના મૂળભૂત સિદ્ધાંતોને વળગી રહીને સતત પ્રગતિ પ્રાપ્ત કરવી એ મોટી વાત છે. કુદરતી કાર્ય કરતી વખતે પોતાની વિશ્વસનીયતા જાળવી રાખવી એ મોટી વાત છે. સામાન્ય કાર્ય કરતી વખતે અસાધારણ સિદ્ધિઓ પ્રાપ્ત કરવી તે મોટી વાત છે. નહિંતર, બાહ્ય દબાણો અને વિસ્ફોટોના બળ પર, ભારે પ્રેરણાઓ પ્રાપ્ત કરીને અને જન આંદોલનોના આવેગમાં, ઘણા સંગઠનો પૂરના પાણીની જેમ બધે ફેલાઈ તો જાય છે, પરંતુ થોડા સમય પછી તે ઉતરતી નદી જેવા બની એક સિમિત ખૂણાના બની રહી જાય છે. સંઘ આવા ઉતાર-ચઢાવ સાથે આગળ વધ્યો નથી પણ તે આગળ વધ્યો છે તે હજારો જીવનદાતા ઉપદેશકોની જીવનભરની મહેનતના બળ પર. તે વિકસ્યો છે લાખો સ્વયંસેવકોના દરરોજ શાખામાં નિયમિતપણે જઈને રાષ્ટ્રની આરાધના અને સમાજની ઉપાસના કરવાથી, શિસ્ત, સહઅસ્તિત્વ અને દેશભક્તિના મૂલ્યો પ્રાપ્ત કરવાથી. અને આ કાર્ય કોઈ ચળવળ, કોઈ અભિયાન કે કોઈ મોરચા દ્વારા થયું ન હતું. સંઘના લાખો કાર્યકરો દ્વારા તેને તેમની દિનચર્યાનો આવશ્યક ભાગ બનાવીને તે શક્ય બનાવ્યું હતું. આ એ જ રીતે કરવામાં આવ્યું હતું જેમ ખેડૂત પોતાનું ખેતરનું કાર્ય, દુકાનદાર પોતાની દુકાનનું કાર્ય, ગૃહિણી પોતાના ઘરનું કાર્ય અને વિદ્યાર્થી પોતાના અભ્યાસનું કાર્ય પૂર્ણ કર્યા વગર ઊઠતો નથી. જો કોઈ કામ અધૂરું રહી જાય છે, તો તે રાત્રે તેની ઊંઘ ઉડી જાય છે. તે બીજા કોઈ કામ પર ધ્યાન કેન્દ્રિત કરી શકતો નથી. ભારત માતાના આવા નિઃસ્વાર્થ પુત્રોના પ્રયાસોને કારણે જ સંઘે સમાજમાં પોતાનું સ્થાન બનાવ્યું છે, તેણે કોઈ શોર્ટકટ અપનાવ્યો નથી. અને તેણે ક્યારેય એવો અહંકાર રાખ્યો નથી કે આપણે કોઈ અનોખું નવું કાર્ય શરૂ કરવા જઈ રહ્યા છીએ.

ડૉ. હેડગેવારજીએ શરૂઆતમાં જ સ્પષ્ટ કરી દીધું હતું કે તેઓ સંઘ દ્વારા કોઈ નવી વિચારધારા બનાવવા માંગતા નથી કે કોઈ નવો સિદ્ધાંત રજૂ કરવા માંગતા નથી. તેઓ ફક્ત હજારો કે લાખો વર્ષોથી દેશમાં પ્રચલિત અને ભારતની મૂળભૂત ઓળખ રહેલી ભારતીય પરંપરાને મજબૂત કરવા માંગતા હતા. કાર્યકર્તાઓની સભાને સંબોધતા ડૉ.હેડગેવારજીએ કહ્યું, નસ્ત્રસંઘનું કાર્ય અને સંઘની વિચારધારા આપણું નવું સંશોધન નથી. સંઘે સૌથી પવિત્ર સનાતન હિન્દુ ધર્મ, આપણી પ્રાચીન સંસ્કૃતિ, આપણું સ્વયં સ્પષ્ટ હિન્દુ રાષ્ટ્ર અને અનાદિ કાળથી પ્રચલિત આપણો ભગવો ધ્વજ બધા સમક્ષ રજૂ કર્યો છે. આ બાબતોમાં નવી ચેતનાનો સંચાર કરવા માટે, સંઘ ચોક્કસપણે સમય અનુસાર જરૂરી કાર્ય પ્રણાલી સ્વીકારશે. આ સિવાય, સંઘ કંઈપણ નવું સ્વીકારવા તૈયાર નથી.સ્ત્રસ્ત્ર (કેશવ સંઘ નિર્મતાથ- સી.પી. ભીષીકર)

એ સ્પષ્ટ છે કે સંઘ દ્વારા રજૂ કરાયેલ હિન્દુત્વનો વિચાર કોઈ નવી વિચારધારા નથી, પરંતુ આપણી પ્રાચીન સંસ્કૃતિનું પરંપરાગત અને સમકાલીન સ્વરૂપ છે. જો કંઈ નવું હોય, તો તે તે શાશ્વત વિચારને રજૂ કરવાની, વ્યાખ્યાયિત કરવાની, સ્થાપિત કરવાની અને પ્રચાર કરવાની પદ્ધતિ છે. જે નવું છે તે તેનું સમકાલીન મિકેનિઝમ અને મેનેજમેન્ટ છે. તેના યંત્ર - તંત્ર નવા છે. મંત્ર એ ભારતનો શાશ્વત

અવાજ છે. વિચારધારા એ જ છે જે ભારતની શાશ્વત ધાર્મિક સમજ છે અને જેને હિન્દુ જીવનશૈલી તરીકે જોવામાં આવે છે.

હકીકતમાં, ડૉ. કેશવરાવે તેમના સમય અને સમાજનો વિગતવાર અભ્યાસ કર્યા પછી, અવલોકન કર્યું કે પ્રાચીન કાળથી ભારતમાં રહેલા ભારતીય લોકો, જેઓ પાછળથી સમગ્ર વિશ્વમાં હિન્દુ તરીકે પ્રખ્યાત થયા, તેઓ આ પરંપરાના વાહક રહ્યા છે. આ સભ્યતા તેમના પ્રયત્નોને કારણે બનાવવામાં આવી હતી અને તેમની બેદરકારીને કારણે તે વિકૃત થઈ ગઈ. ઇતિહાસ સાક્ષી છે કે આ સમુદાયે આક્રમણકારોના હુમલાઓનો સૌથી વધુ ભોગ લીધો. જ્યાં સુધી આ હિન્દુ સમાજ પોતાના ધર્મનું પાલન કરીને એક રહ્યો, ત્યાં સુધી ભારત સમૃદ્ધ અને જ્ઞાનથી ભરેલું રહ્યું. તેની ખ્યાતિ સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગઈ અને તેનું વિશ્વ શિક્ષક તરીકે સન્માન કરવામાં આવ્યું. પરંતુ જ્યારે તે ધર્મથી ભટકી ગયો અને વિભાજિત થયો, ત્યારે દેશ વિદેશીઓનો ગુલામ બની ગયો. તેનો બધો મહિમા અને ગૌરવ જતું રહ્યું. એટલું જ નહીં, ભારતના જે પણ પ્રદેશમાં હિન્દુ ધર્મ નબળો પડ્યો, તે પ્રદેશ કાં તો આ મહાન રાષ્ટ્રથી અલગ થઈ ગયો અથવા ત્યાંથી અલગ થવાના અવાજો આવવા લાગ્યા.

તેથી, ડૉ. હેડગેવારજીનો એ સુવિચારિત નિષ્કર્ષ હતો કે જ્યાં સુધી દેશનો હિન્દુ સમાજ સંગઠિત અને સશક્ત ન થાય ત્યાં સુધી દેશની પ્રગતિ શક્ય નથી. તેથી, તેમણે પોતાનું આખું જીવન એક નવું સંગઠન સ્થાપીને અને તેને જીવંત કરીને હિન્દુઓને સંગઠિત અને સભ્ય બનાવવા માટે સમર્પિત કર્યું. ગુલામ ભારત તે સમયે એક વિચિત્ર તબક્કામાંથી પસાર થઈ રહ્યું હતું. હિન્દુઓમાં પરસ્પર ભેદભાવ ચરમસીમાએ હતો એટલું જ નહીં, પરંતુ તેમના હિન્દુત્વ પ્રત્યે આત્મગ્લાનિ અને દુઃખની લાગણી પણ ચરમસીમાએ હતી. તે એટલો ભયંકર સમય હતો કે હિન્દુ જનતાના મનમાં આવા વિચારોના ઉદ્દભવનો તો દૂર, હિન્દુ શબ્દનો ઉચ્ચાર પણ શરમજનક માનવામાં આવતો હતો. ડૉ. કેશવરાવની નજરમાં જે કાર્ય સૌથી મહત્ત્વપૂર્ણ હતું તે તત્કાલીન નેતાઓ અને સમાજ સુધારકોની નજરમાં સૌથી ઉપેક્ષિત અને અકલ્પ્ય હતું. આવી દુખી માનસિકતાથી પીડાતા આવા સમયમાં, તેમણે નિશ્ચિતપણે કહ્યું-

''હિન્દુ સંસ્કૃતિ એ હિન્દુસ્તાનનો આત્મા છે. તેથી, જો આપણે હિન્દુસ્તાનનું રક્ષણ કરવા માંગતા હોઈએ, તો હિન્દુ સંસ્કૃતિનું રક્ષણ કરવું એ આપણી પહેલી ફરજ બને છે. જો હિન્દુસ્તાનની હિન્દુ સંસ્કૃતિનો નાશ થાય, જો દેશમાં હિન્દુ સમાજનો કોઈ પત્તો ન રહે, તો બાકી રહેલા ભૂમિના ટુકડાનું નામ હિન્દુસ્તાન કે હિન્દુ રાષ્ટ્રને પણ શોભશે નહીં. કારણ કે રાષ્ટ્ર ફક્ત ભૂમિનો ટુકડો નથી...'' (ડૉ. હેડગેવાર ચરિત્રથ- એન.એચ. પાલકર)

જ્યારે ડૉ. હેડગેવાર કહે છે કે પહિન્દુત્વ એ રાષ્ટ્રવાદ છેથ, ત્યારે તેનો અર્થ એ થાય છે કે હિન્દુ પરંપરાનો વિચાર ભારતીય રાષ્ટ્રની મૂળભૂત ચેતના છે અને આ ચેતનાને જાગૃત કરવી એ રાષ્ટ્રીય જાગૃતિનું કાર્ય છે.

જો સંઘનો ઉદ્દેશ એક જ વાક્યમાં જણાવવો હોય, તો એમ કહી શકાય કે- ''એક સંસ્કારી હિન્દુ સમાજનું નિર્માણ, જે પોતાના ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ કરતી વખતે ભારતીય રાષ્ટ્રના ઉદય માટે પ્રયત્નશીલ રહે છે. સંસ્કારી હિન્દુનો અર્થ થાય છે સાંસ્કૃતિક જાગૃતિથી સંપન્ન દેશભક્ત હિન્દુ એવો હિન્દુ જે ભારતીય પરંપરા સાથે લગાવ ધરાવે છે, જે ભારતભૂમિને પોતાની માતૃભૂમિ માને છે, જે પરસ્પર સદભાવના અને સામાજિક સંવાદિતા પ્રત્યે સતર્ક છે અને પોતાના ધર્મનું પાલન કરવા તૈયાર છે, તે સંસ્કારી હિન્દુ છે.''

વાસ્તવમાં, હિન્દુ ધર્મના બે અર્થ લોકોમાં પ્રખ્યાત છે. એક- સાંસ્કૃતિક, બીજો- ભક્તિમય. સાંસ્કૃતિક એટલે હિન્દુ જીવનશૈલી અને ભક્તિમય એટલે હિન્દુ ઉપાસના પદ્ધતિ. સંઘને હિન્દુનો સાંસ્કૃતિક અર્થ જ અભિપ્રેત છે. ઉપાસનાપરક અર્થ, સાંસ્કૃતિકપરક


ISSN 0976-9609

અર્થમાં સમાવિષ્ટ થઈ જાય છે. આ જ કારણ છે કે સંઘનું હિન્દુત્વ ઘણીવાર કોઈપણ ધાર્મિક નેતા અથવા કોઈપણ સંપ્રદાયના વડા અથવા કોઈપણ શંકરાચાર્ય અથવા કોઈપણ રાજકારણી દ્વારા રજૂ કરાયેલા હિન્દુત્વથી અલગ દેખાય છે. આ અર્થભિન્નતા સાંસ્કૃતિક અને ઉપાસનાપરક વિચારો વચ્ચેના તફાવતને કારણે છે. આનું કારણ આ છે. આ સંસ્કૃતિપરક હિન્દુત્વ જ ભારતીયતાનો પર્યાય છે.

ડૉ. હેડગેવારજી પાસેથી પ્રાપ્ત થયેલા હિન્દુત્વના આ બીજ મંત્ર પર વિસ્તૃત ભાસ્ય સંઘના બીજા સરસંઘચાલક, મહાન ચિંતક માધવરાવ સદાશિવરાવ ગોલવલકર, જેઓ 'ગુરુજી' તરીકે જાણીતા છે.

સ્વતંત્રતા ચળવળ દરમિયાન (અને તે પછી) આત્મ-નિંદાનો સમય હતો, જ્યારે હિન્દુ વિચારો અને ભારતના શાશ્વત મૂલ્યોને સરકારો દ્વારા એવુ કહીને ધિક્કારવામાં આવતા હતા કે આ જ હિન્દુ સાંપ્રદાયિકતાને પ્રોત્સાહન આપતા પરિબળો છે. બીજી બાજુ, મુસ્લિમ તુષ્ટિકરણની નીતિઓ માત્ર ભારત માતાના વિભાજન તરફ દોરી ગઈ એટલું જ નહીં, પરંતુ લાખો ભારતીયોને હિંસા, વિસ્થાપન અને જુલમનો ભોગ બનવું પડ્યું. આવા સંપૂર્ણપણે પ્રતિકૂળ વાતાવરણમાં, સંઘે હિન્દુત્વનો નારા લગાવીને દુખી હિન્દુ સમાજને ઊર્જા આપી. જ્યારે પશ્ચિમી વિદ્વાનો અને તેમનાથી પ્રેરિત ભારતના શૈક્ષણિક સમુદાય કહી રહ્યા હતા કે ભારતમાં એક પણ પ્રાચીન રાષ્ટ્રીયતા નથી, તે વિવિધ લોકો અને સંસ્કૃતિઓનો મેળાવડો છે, ત્યારે સંઘના વિચારકોએ ભારતની રાષ્ટ્રીયતાને પહિન્દુ રાષ્ટ્રીયતાથ તરીકે નિશ્ચિતપણે સંબોધિત કરી અને હકીકતમાં એવું પ્રતિપાદિત કર્યું કે હિન્દુત્વનો વિચાર ઇસ્લામ, ખ્રિસ્તી ધર્મ અથવા અન્ય કોઈપણ ધર્મની સમાંતર ધાર્મિક પાયો નથી, પરંતુ ભારતની શાશ્વત રાષ્ટ્રીયતા છે. અને આ રાષ્ટ્રીય ભાવના હજારો વર્ષોથી ચાલી આવી છે.

નોંધનીય એ છે કે સંઘે હિન્દુત્વને રાજકીય અર્થને બદલે રાષ્ટ્રીય-સાંસ્કૃતિક અર્થમાં પ્રકાશિત કર્યું હતું. હિન્દુત્વનું વિગતવાર વિશ્લેષણ કરતી વખતે, ગુરુજીએ એ પણ સ્પષ્ટ કર્યું હતું કે હિન્દુ શબ્દ નકારાત્મક નથી કે નકાર પર આધારિત નથી. હિન્દુ રાષ્ટ્રનો વિચાર ન તો મુસ્લિમ સમુદાય વિરુદ્ધ છે, ન તો ખ્રિસ્તીઓ વિરુદ્ધ છે, ન તો અન્ય કોઈ સમુદાય વિરુદ્ધ છે. એટલું જ નહીં, તે કોઈ નાસ્તિક માન્યતા વિરુદ્ધ પણ નથી. આ ફરીથી સ્પષ્ટ કરવું જરૂરી છે કારણ કે અજ્ઞાનતા કે ચાલાકીથી સંઘનો વિરોધ કરનારા લોકો આ નક્કર વાસ્તવિકતાને અવગણે છે અને કેટલાક સનસનાટીભર્યા પત્રકારો અને રાજકીય લોકોના મીડિયા-પ્રાયોજિત નિવેદનોના આધારે સંઘ વિરુદ્ધ ખોટી અફવાઓ ફેલાવતા રહે છે. આ સમસ્યા ફક્ત આજની નથી, તે સંઘ શરૂ થયો ત્યારથી છે. ગુરુજીએ આને ધ્યાનમાં રાખીને જે જવાબ આપ્યો હતો તે આજે પણ સંઘનો એ જ જવાબ છે. ગુરુજી કહે છે-

''કેટલાક લોકો એવું વિચારે છે કે હિન્દુ રાષ્ટ્રનો આપણો વિચાર મુસ્લિમ અને ખ્રિસ્તી નાગરિકોના અસ્તિત્વ માટે ખતરો છે. તેમને હાંકી કાઢવામાં આવશે અને ખતમ કરવામાં આવશે. આપણી રાષ્ટ્રીય ભાવના માટે આનાથી વધુ મૂર્ખતાપૂર્ણ અથવા ઘાતક કંઈ હોઈ શકે નહીં. તે આપણા મહાન અને સર્વવ્યાપી સાંસ્કૃતિક વારસાનું અપમાન છે. શું આપણે નથી જાણતા, ઉદાહરણ તરીકે, શિવાજીના શાસનકાળમાં સૌથી શક્તિશાળી હિન્દુ પુનરુત્થાનમાં, તેમના લશ્કરી અધિકારીઓમાંના એક રણદુલ્લા ખાન હતા? તેના પછીના સમયમાં પણ ઇ.સ. ૧૭૬૧માં પાણીપતના યુદ્ધમાં, જે હિન્દુ સ્વરાજના ઉદય માટે જીવન અને મૃત્યુનો સંઘર્ષ હતો, ત્યારે પણ તોપખાનાના વડા ઇબ્રાહિમ ગાર્ગી હતા. આટલા સ્પષ્ટ ઐતિહાસિક પુરાવા અને હજારો વર્ષોની રાષ્ટ્રીય પરંપરા સાથે, એ કહેવું કેટલું વિચિત્ર છે કે જો હિન્દુ રાષ્ટ્ર તેની કુદરતી સ્થિતિ પ્રાપ્ત કરશે, તો તે બિન-હિન્દુઓ માટે સંકટ પેદા કરશે.'' (વિચાર નવનીતથ, પૃષ્ઠ નં.૧૩૨)

સંઘનો આ દષ્ટિકોણ કટ્ટર હિન્દુત્વ પર ગર્વ અનુભવતા પ્રતિક્રિયાવાદીઓ માટે પ્રશ્નો ઉભા કરે છે. આજે, જ્યારે હિન્દુત્વ રાજકારણ, મીડિયા અને સમાજમાં વેચાણપાત્ર બ્રાન્ડ બની ગયું છે, ત્યારે કેટલાક કૃત્રિમ, ઢોંગી અને સુશોભિત હિન્દુત્વના છોડ પણ મશરૂમની જેમ ઉગતા જોવા મળે છે, ત્યારે ગુરુજીની બીજી ચેતવણી યાદ આવે છે જે તેમણે કાર્યકર્તાઓની સભાને સંબોધતી વખતે આપી હતી- જો આપણે પોતાને કટ્ટર હિન્દુ કહેનારાઓની લાગણીઓનું વિશ્લેષણ કરીએ તો આપણને ખૂબ જ વિચિત્ર પરિસ્થિતિ દેખાય છે. હિન્દુ ફક્ત એક અટક બની ગઈ છે. હિન્દુ એટલે રાજકીય હિન્દુ, મુસ્લિમો વિરુદ્ધ બોલતો હિન્દુ, ખ્રિસ્તીઓ વિરુદ્ધ પ્રચાર કરતો હિન્દુ. હિન્દુનું આ નકારાત્મક સ્વરૂપ યોગ્ય નથી. આપણે આપણા આત્મામાં હિન્દુત્વનો અનુભવ કરવો જોઈએ. પ્રતિક્રિયાશીલ હિન્દુનો કોઈ ઉપયોગ નથી... હું હિન્દુ છું, તેનો અર્થ એ છે કે મારામાં કેટલાક અસામાન્ય ગુણો છે, મારી પાસે કેટલીક અલગ પરંપરાઓ છે, મારા જીવનનો ઉદ્દેશ હિન્દુત્વ અનુસાર છે. આમ આપણી દષ્ટિ ભાવનાત્મક, રચનાત્મક અને સક્રિય હોવી જોઈએ. પ્રતિક્રિયાશીલ ક્યારેય નહીં. ('શ્રી ગુરુજી સમગ્ર' ભાગ ૩, પૃષ્ઠ નં.૧૩૫)

હિન્દુત્વ વિશે આર.એસ.એસ.નો આ મૂળ ખ્યાલ છે. વ્યક્તિગત વિકાસ અને રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણ એ આર.એસ.એસ.નો મૂળ આધાર છે. ડૉક્ટર સાહેબ અને ગુરુજીથી લઈને આજ સુધી, આર.એસ.એસ.ના બધા આદરણીય સરસંઘ ચાલક અને જવાબદાર અધિકારીઓ એક જ વાતનું પુનરાવર્તન કરતા આવ્યા છે. પરંતુ આર.એસ.એસ.થી અંતર રાખનારા પૂર્વગ્રહયુક્ત લોકોની અજ્ઞાનતાને કારણે અથવા ઉપરછલ્લા કાર્યકરોની યોગ્ય તાલીમના અભાવને કારણે, આર.એસ.એસ. અને હિન્દુત્વ વિશે કેટલીક મૂંઝવણો રહે છે. આર.એસ.એસ.નો વિરોધ કરનારા અને આર.એસ.એસ.ને ન જાણનારા લોકો ગમે તે કહે, આર.એસ.એસ. ફક્ત હિન્દુત્વના તે સ્વરૂપને સ્વીકારે છે, જે એક સર્વસમાવેશક અને સર્વવ્યાપી ભાવના છે જે સમગ્ર રાષ્ટ્રને એકીકૃત સ્વરૂપમાં એક કરે છે, જે સમગ્ર વિશ્વ માટે શુભ માર્ગ મોકળો કરે છે.

આવો ! ભારતીય સ્વના પ્રકાશક આ સંઘ-સવિતાના શતાબ્દી વર્ષ પર અભિનંદન આપીએ.એ પણ એક દૈવી સંયોગ છે કે 'સાહિત્ય પરિક્રમા'નો આ ૧૦૦મો અંક તમારા હાથમાં છે. પરિક્રમાના તમામ વાચકોને આ શતાબ્દી-ત્રિવેણી સંગમ પર અભિનંદન. (સંપાદકીય, સાહિત્ય પરિક્રમા-અખિલ ભારતીય સાહિત્ય પરિષદનો સાહિત્યિક ઉપક્રમ, જુલાઈ-ઑગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૫માંથી) સાભાર

---

મો. ૯૪૨૯૪૧૫૩૬૧
E-mail:mahendranayee51@gmail.com

---

## ॥ વિદ્યાવૃત્ત ॥

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી. વી. પટેલ હાયર સેકન્ડરીમાં** ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સેવકો દ્વારા ગ્રામજીવન સ્વાવલંબન યાત્રા અંતર્ગત સ્મરણ સ્નાતક, સન્માન સરદાર અને સંકલ્પ સ્વદેશી એવા ત્રિવિધ ઉદ્દેશ્ય સાથે સ્વાવલંબન યાત્રાનું તા.૧૦ થી ૧૫ નવેમ્બર દરમિયાન આયોજન કરવામાં આવ્યું. ગૂજરાત વિદ્યાપીઠના પ્રો. સોનલ પટેલ તથા પ્રો.સુચિતા શાહ અમારી શાળામાં ઉપસ્થિત થઈ પૂ. મહાત્મા ગાંધીજી પ્રેરિત આત્મનિર્ભર ભારત, સ્વદેશી અને સ્વાવલંબન વિશે વિદ્યાર્થીઓને ખૂબ સરળ સમજ આપી હતી. તેઓશ્રીએ અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી સાર્ધ શતાબ્દી વર્ષ નિમિત્તે દેશની એકતામાં સરદાર સાહેબનું અનોખું યોગદાન વર્ણવ્યું હતું. પ્રિ.વિજયકુમાર સુથારે "હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી" નારાને ગૂંજતો કરવા આહ્વાન કર્યું હતું.

**॥ ચિંતન કણિકા ॥**
Shakespeare Quote :

**આર. કે. માંડલિયા**

"Let Rome in Tiber melt and the wide arch
Of the ranged empire fall. Here is my space.
Kingdoms are clay; our dungy earth alike
Feeds beast as man."
(William Shakespeare's Antony and Cleopatra Act:I Scene:I)

વિલિયમ શેક્સપિયરનું એન્ટની એન્ડ ક્લીઓપેટ્રા મુખ્યત્વે એક ઐતિહાસિક અને રાજકીય નાટક તરીકે પ્રતિષ્ઠા પામ્યું છે. પરંતુ, વાસ્તવમાં આ નાટકમાં નાટ્યકાર શેક્સપિયરે રાજકીય જીવન અને રોમન સામ્રાજ્યનાં ઇતિહાસનાં તાણાવાણાને માનવીય સંવેદનાઓ અને સબંધોની સાથે વણી લઈને એક અસરકારક નાટક રૂપી કેનવાસમાં પરિવર્તિત કર્યું છે. મુખ્ય પાત્રોનાં પરિચય જોઈએ તો માર્ક એન્ટની રોમન સામ્રાજ્યનાં ત્રણ આધાર સ્થંભમાનો એક છે. બાકીના બે આધાર સ્થંભ ઓક્ટેવિયસ સિઝર અને લેપિડ્સ છે.

ઉપરોક્ત પંક્તિઓ માર્ક એન્ટની નાટકના પ્રથમ અંકના પ્રથમ દશ્યમાં બોલે છે. પ્રસ્તુત પંક્તિઓમાં માર્ક એન્ટની રોમન સામ્રાજ્યનાં ત્રણ આધારસ્થંભ શાસકોમાનાં એક તરીકે પોતાની મૂળભૂત ફરજોથી ચલિત થયેલો સ્પષ્ટ દેખાય છે. પોતાની ફરજોને નજરઅંદાજ કરીને તે ઈજીપ્તમાં પોતાનો સમય વિતાવે છે કારણકે ઈજીપ્તની રાણી ક્લિઓપેટ્રાનાં રૂપ-મોહમાં તે સંપૂર્ણતઃ અંધ થયો છે. તેની વફાદારી રોમન સામ્રાજ્ય અને ક્લિઓપેટ્રા વચ્ચે વિભાજિત થઈ ચૂકી છે. પોતાની ફરજ પ્રત્યેની નિષ્ઠા અને ક્ષણભંગુર ભૌતિક આનંદને ભોગવવાની લાલસા વચ્ચે તેનું વ્યક્તિત્વ ખંડિત થઈ ગયું છે. એક તરફ પોતાના સામ્રાજ્ય પ્રત્યેનું કર્તવ્ય છે તો બીજી તરફ ક્લિઓપેટ્રા પ્રત્યેનું તેનું પાગલપન છે. તેનો વ્યવહાર એ હકીકતનો નિર્દેશ આપે છે કે તેનું ક્લિઓપેટ્રા પ્રત્યેનું પાગલપન વધુ બળવત્તર હોવાથી તે ઈજીપ્તમાં પડ્યો રહેવાનું વધુ પસંદ કરે છે. તેના આવા વર્તનને લઈને જ બાકીના બન્ને આધારસ્થંભો ઓક્ટેવિયસ સિઝર અને લેપિડસ તેનાથી નારાજ રહે છે. એન્ટનીની પ્રવર્તમાન આવી દશા જોઈને ખુદ ક્લિઓપેટ્રાનો જ એક કર્મચારી ફિલો તેના સાથીદાર ડીમીટ્રીયસ સાથે વાત કરતા એન્ટની ઉપર ટીપ્પણી કરે છે કે, રોમન સામ્રાજ્યનો એક મહત્ત્વનો આધારસ્થંભ કેવો એક નિમ્ન કક્ષાની સ્ત્રીના આનંદ-પ્રમોદ માટે જોકર બની ગયો છે!!!

એન્ટનીની પ્રસ્તુત પંક્તિઓમાં એક વાત સાબિત થાય છે કે જ્યારે પુરુષ કોઈ સ્ત્રીના મોહમાં અંધ બને ત્યારે તેને એ સ્ત્રી સિવાય બીજું કશું દેખાતું જ નથી હોતું. એન્ટનીનો ક્લિઓપેટ્રા પ્રત્યેનો મોહ તેની ચરમસીમાએ દેખાય છે. ક્લિઓપેટ્રાનાં મોહમાં તે એટલો અંધ બની ચૂક્યો છે કે રોમન સામ્રાજ્ય તૂટી પડે છે આખુંય રોમ ટાઈબર નદીમાં વહી જાય પણ તેને કશો ફેર પડતો નથી. તેનું વિશ્વ તો હવે ત્યાં જ છે જ્યાં તેની મનગમતી ક્લિઓપેટ્રા હોય. ક્લિઓપેટ્રા સિવાયનાં વિશ્વની કલ્પના જે તેના માટે અશક્ય છે. તેનાં મત મુજબ તમામ રાજારજવાડા અને સામ્રાજ્ય માટીના ઢેફાથી વિશેષ કશું જ નથી. તેના મત મુજબ મનુષ્ય હોય કે પ્રાણી, ધરતી સર્વેને પોતાના પૂરતુ અન્ન આપતી જ હોય છે તો પછી હવે તેને કોઈ ચિંતા કરવાની રહેતી નથી. તેને પણ પોતાના પેટ પૂરતુ અન્ન તો મળી જ રહેશે.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે પ્રત્યેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રીનો નૈતિક સાથ અને ટેકો હોય છે. પ્રસ્તુત પંક્તિઓ દ્વારા નાટ્યકાર

શેક્સપિયર સિક્કાની બીજી બાજુને ઉજાગર કરે છે કે પુરુષનાં નૈતિક અધઃપતન પાછળ પણ સ્ત્રી જવાબદાર હોઈ શકે છે. એન્ટનીના જીવનમાં ક્લિઓપેટ્રાનાં આગમન બાદ એન્ટની માટે બાકીનાં વિશ્વનું કોઈ અસ્તિત્વ જ રહેતું નથી. કારણ હું તેને માટે માત્ર ક્લિઓપેટ્રા જ તેનું વિશ્વ બની જાય છે. ઉક્ત પંક્તિઓમાં માનવીના મનનાં ગૂઢ આટાપાટાનું સચોટ ચિત્રણ થયું છે.

(મો.) ૮૩૨૦૧૯૫૨૮૨

## ।। વિદ્યાવૃત્ત ।।

### કલા ઉત્સવ

**આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ) માં QDC લેવલનો કલા ઉત્સવ ૨૦૨૫ ઉજવાયો**

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી..પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ સેક્શન) ખાતે ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ QDC લેવલે કલા ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં કલા પ્રત્યે રસ અને સર્જનાત્મકતા વિકસે એ ઉદ્દેશ્યથી યોજાયેલા આ ઉત્સવમાં ચિત્રકલા, બાળકવિ, સંગીત ગાયન અને સંગીત વાદન જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું.

QDC લેવલની વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. માધ્યમિક વિભાગમાં ચિત્રકલા સ્પર્ધામાં કંગના સુથાર, બાળ કવિમાં વોહરા જીયા સોહેલભાઈ, સંગીત ગાયનમાં મહારાજ જીગર દેવેનભાઈ અને સંગીત વાદનમાં શાહ શ્રીલ મિનેશભાઈએ પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું.

ઉચ્ચતર માધ્યમિકવિભાગમાં ચિત્રકલા સ્પર્ધામાં અનવેષા સસવાલ, બાળકવિમાં રુદ્ર વિનોદભાઈ અને સંગીત ગાયનમાં સરગરા અદિતિ વિપુલકુમારે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તમામ વિજેતાઓ હવે એસવીએસ લેવલે યોજાનારી આગામી સ્પર્ધામાં શાળાનું પ્રતિનિધિત્વ કરશે.

વિવિધ શાળાઓમાંથી આવેલા કન્વીનરશ્રી ઓએ જજ તરીકે પોતાની ફરજ નિભાવી હતી. સમગ્ર કલા ઉત્સવનું આયોજન શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ ભટ્ટના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શાળાનાં શિક્ષિકા શ્રીમતી ભાવનાબેન પવારનો પણ વિશેષ ફાળો રહ્યો હતો.

**આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલ (GIA) દ્વારા ગુરુકુળ ઓલમ્પિક્સમાં અન્ડર-૧૭ ફૂટબોલમાં સિલ્વર મેડલની સિદ્ધિ** : ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલ (GIA) ની ફૂટબોલની ટીમે ગુરુકુળ બાકરોલ દ્વારા આયોજિત અન્ડર ૧૭ ઓલમ્પિક્સ ૨૭ નવેમ્બર ૨૦૨૫ થી ૨૯ નવેમ્બર ૨૦૨૫ દરમ્યાન યોજાઈ હતી જેમાં ભાગ લીધો હતો. આ રમોતોત્સવ અંતર્ગત અમારી શાળા આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલ (GIA) ની Under-17 Football Team એ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. અને સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. ટીમે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ખૂબ જ ઉત્તમ કૌશલ્ય, શિસ્ત અને ટીમ સ્પિરિટ દર્શાવી હતી. સ્પર્ધા દરમ્યાન સ્પોર્ટ્સ શિક્ષક શ્રી અજય તળપદાએ અને શ્રી ચેતન સર દ્વારા સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવ્યું, જે ટીમની સફળતામાં મૂલ્યવાન સાબિત થયું. શાળાના આચાર્ય શ્રી ભાવેશ જી. ભટ્ટ સાહેબ તેમજ સમગ્ર શાળા પરિવારે ખેલાડીઓને પૂર્ણ સહકાર અને ઉત્સાહ પૂરો પાડ્યો હતો. શાળા સંચાલન, સ્ટાફ અને વાલીઓએ ટીમની આ વિશિષ્ટ સિદ્ધિ પર ગર્વ વ્યક્ત કર્યો છે અને ભવિષ્યમાં વધુ સફળતા માટે શુભકામનાઓ પાઠવી છે.

## ।। અર્થઘટન ।।

## હૂંડી - નરસિંહ મહેતાની?

### દર્શક અરૂણભાઈ દેસાઈ

ભક્ત કવિ નરસિંહ મહેતાથી કોણ અજાણ છે? આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના મન પર પણ એમણે ઘણી અસર છોડી છે.''વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે...'' એ ભજન અને ગાંધીજી જાણે એક જ છે. નરસિંહ મહેતા રચિત આ પદ ગાંધીજીને કેટલું પ્રિય હતું એ આપણે સૌ જાણીએ છીએ. માણસ પોતાના કર્મથી શ્રેષ્ઠ છે. નહીં કે જન્મથી. કર્મયોગ જ મહત્ત્વનો છે, નહીં કે જન્મયોગ. એમ છતાં પણ, નાગર કુળમાં જન્મ્યા હોવાથી નરસિંહ મહેતા પ્રત્યે મને એક નાગર તરીકે અહોભાવ અને ગર્વ થાય એ સ્વાભાવિક છે. વળી મારું મોસાળ જૂનાગઢમાં એટલે એકાદ-બે વખત નરસિંહ મહેતાને ચોરે જવાનો લાભ મળેલો અને મારા માતુશ્રી તરફથી મે'તાજીની વાતો પણ સાંભળેલી. ઉપરાંત, ભણવામાં આવતાં કાવ્યો. ખાસ કરીને નરસિંહ મહેતાના પદો અને અમુક ફિલ્મ, ખાસ કરીને, ગુજરાતી ફિલ્મ ''કુંવરબાઈનું મામેરું'' વગેરે વાંચી, જોઈ, સાંભળીને નરસિંહ મહેતાની એક છબિ મગજમાં ઊભી થઈ હોય એ સ્વાભાવિક છે. બાળપણમાં સાંભળેલી વાતો, ભણવામાં આવેલા કાવ્યો અને જોયેલી ફિલ્મો થકી ભક્ત કવિ નરસિંહ મહેતાની છબિ મગજમાં કોઈ એકાદ ખૂણે છુપાઈ ગઈ હતી કારણ કે પછી રસ્તો થોડો બદલાયો. ભણવામાં આગળ વધવું, સારી કૉલેજમાંથી એન્જિનિયર થઈને બહાર પડવું, સારી કંપનીમાં જોબ મેળવવી, વગેરે, એમ, રસ્તાઓ બદલાતા ગયા, વણાંકો આવતા ગયા, નવા રસ્તાઓ જોડાતા ગયા અને નરસિંહ મહેતા મગજના કોઈ એક ખૂણામાં પુરાઈ ગયા.

પણ એમણે બહાર આવી મને વિચારોના વમળમાં નાખવાનો હતો. સમયાંતરે એ મારા મગજના એક ખૂણામાંથી ડોકિયું કરી લેતા હતા. ઉદાહરણ રૂપે, મારો પહેલો પગાર આવ્યો એનો અમુક ભાગ નરસિંહ મહેતાના ચોરાના રિનોવેશન માટે મેં સુપરત કર્યો હતો. ત્યારે જૂનાગઢમાં નરસિંહ મહેતાના ચોરાનું રિનોવેશન ચાલતું હતું. આમ, ક્યારેક ક્યારેક એ મારા મગજની અંદર ટકોરાઓ મારી દેતા. જાણે એમ કહેતા હોય કે આપણે હજી આગળ મળવાનું છે.

અને જાણે કે મહેતાજીની વાત સાચી પડવાની હોય એવી ઘટનાઓ સમય અંતરે બનવા મંડી. જેમ કે, જ્યારે હું ભણતો હતો ત્યારે ઇતિહાસ મને ખૂબ જ બોરિંગ લાગતો હતો પણ જેમ જેમ મોટો થતો ગયો એમ એમ ઇતિહાસમાં રુચિ વધવા માંડી, ખાસ કરીને, રાજારજવાડાઓનો ઇતિહાસ, આપણા સ્વતંત્રતા સંગ્રામનો ઇતિહાસ, વગેરે વગેરે, ઉપરાંત, સંગીતમાં ખાસ રુચિ નો'તી. એમાં પણ વણાંક આવ્યો અને ખાસ કરીને ભારતીય શાસ્ત્રીય સંગીત તરફ વળવાની એક પગદંડી ખુલી, જેના ઉપર હું ખાસ દૂર સુધી તો ન જઈ શક્યો પણ એને સમજી ને માણી શકું એટલે સુધી પહોંચ્યો. તો પછી નરસૈંયાનો રાગ કેદાર મને અસર ન કરે એ કેમ બને? અગાઉ કહ્યું તેમ બાળપણમાં કુંવરબાઈનું મામેરું ગુજરાતી ચિત્રપટ જાણે કે એક પરીકથા હોય એમ જોવાનો આનંદ આવતો. સમય જતા એ જ ચિત્રપટ નરસૈંયાનો કેદારો અને અન્ય પદો માણવા માટે જોતા. એ ફિલ્મની સીડી જ ખરીદી લીધી હતી, જેથી જ્યારે જ્યારે મન થાય ત્યારે જે પ્રસંગ કે ગીત જોવું હોય તે જોઈ શકાય.

મારી ભારતીય શાસ્ત્રીય સંગીતમાં કેળવાયેલી રુચિ અને ઇતિહાસમાં ખણખોદ કરવાના શોખને કારણે મગજના ખૂણામાં બેઠેલાં નરસિંહ મહેતાને ફરીથી મારા મનના બારણે ટકોરાઓ મારવાનો મોકો મળ્યો અને નરસિંહ મહેતાની હૂંડીએ મને વિચાર કરતો કરી મુક્યો.

કુંવરબાઈનું મામેરું ગુજરાતી ચિત્રપટમાં હૂંડીના ગીતમાં આવતી એક કડીએ મારા ઇતિહાસમાં ખણખોદ

કરવાના શોખને ઢંઢોળ્યો.

એ કડી નીચે દર્શાવી છે...

***"રાણાજીએ રઢ કરી, વળી મીરાં કેરે કાજ, ઝેરના પ્યાલા મોકલ્યા રે, હે વહાલો ઝેરના જારણહાર રે, શામળા, ગિરધારી"***

એ સાંભળીને વિચારે ચડ્યો કે શું નરસિંહ મહેતા અને મીરાંબાઈનો સમય એક જ હતો? નરસિંહ મહેતા અને મીરાંબાઈ એક જ સમયમાં થયા? પ્રશ્ન કેમ થયો? પ્રશ્ન થવાનું કારણ તાના અને રીરી છે. તાના અને રીરીએ મલ્હાર રાગ ગાઈને તાનસેનની દીપક રાગના અગ્નિને શાંત કર્યો હતો. એ આપણે જાણીએ છીએ. તો હવે આ પ્રસંગને પકડીને આગળ ચાલીએ તો તાના અને રીરી એ શર્મિષ્ઠાની દીકરીઓ. શર્મિષ્ઠા એ કુંવરબાઈની દીકરી અને કુંવરબાઈ એ નરસિંહ મહેતાની દીકરી. એટલે તાના અને રીરી નરસિંહ મહેતાની પ્રપૌત્રીઓ થઈ. અને તાનસેન એ અકબરના દરબારમાં નવરત્નમાંના એક હતા એ આપણે સૌ જાણીએ છીએ. વળી અકબર અને રાણા પ્રતાપનું યુદ્ધ પણ જગજાહેર છે. અને ઇતિહાસ કહે છે કે રાણા પ્રતાપના શરૂઆતના અમુક વર્ષોમાં મીરાંબાઈ હતા. એટલે મીરાંને નરસિંહ મહેતાની પ્રપૌત્રીઓને અમુક અંશે સમકાલીન કહી શકાય. તો પછી મીરાંબાઈ અને નરસિંહ મેહતા એક સમયે કેમ હોઈ શકે? આ પ્રશ્ન ગેરવ્યાજબી તો નથી જ.

અત્યાર સુધી એન્જિનિયરિંગના અને ખાસ કરીને ઇંડસ્ટ્રિયલ એન્જિનિયરિંગના મુદ્દાઓ પર રિસર્ચ પેપર લખવા માટે અને વિદ્યાર્થીઓને ભણાવવા માટે એકેડમિક ખણખોદ ઘણી કરી હતી, હવે આ એક નવી ખણખોદ કરવાની હતી અને એ ચાલુ થઈ સરળતાથી ઉપલબ્ધ અને તુરંત-જવાબી ગૂગલ સર્ચથી ગૂગલ અને આર્ટિફિશ્યલ ઇન્ટેલિજેન્સે તો કહી દીધું કે નરસિંહ અને મીરાંનો સમય એક નથી. મીરાંનો જન્મ નરસિંહ પછી છે. ગૂગલ સર્ચથી મીરાં અને નરસિંહના જન્મ અને નિર્વાણની સાલ નીચે મુજબ મળી.

નરસિંહ મેહતા : જન્મ ઈ.સ. ૧૪૧૪, નિર્વાણ ઈ.સ. ૧૪૮૮

મીરાંબાઈ : જન્મ ઈ.સ. ૧૪૯૮, નિર્વાણ ઈ.સ. ૧૫૪૬

ગૂગલના કહેવા મુજબ મહેતાજીના નિર્વાણ બાદ એક દસકા પછી મીરાંબાઈનો જન્મ થયો. માત્ર ગૂગલના ભરોસે ન રહેતાં, વિવિધ લોકો કે જે સંગીત, ઇતિહાસ અને ખાસ કરીને, નરસિંહ મહેતા વિશે થોડું ઘણું જાણતા હોય, એ લોકો સાથે પણ ચર્ચાઓ શરૂ થઈ. પણ સાયન્ટિફિક અને એન્જિનિયરિંગ રિસર્ચની આદતને કારણે આ બધી ચર્ચાઓને અંતે મળેલા તારણોથી સંતોષ થયો નહિ અને પ્રશ્ન તો મનમાં ઘૂમરાયા જ કર્યો કે શું નરસિંહ મહેતાની હૂંડી એ ખરેખર નરસિંહ મહેતાએ પોતે જ લખેલી છે?

અનાયાસે એક વખત મારા માતુશ્રી સાથે આ વિષયની ચર્ચા થતાં એમણે મને અમુક ચોપડીઓ આપી. આગળ કહ્યું તેમ મારું મોસાળ જૂનાગઢમાં હતું અને મારા માતુશ્રી નાના હતા ત્યારે સંત રાધેશ્યામના સત્સંગમાં જતા. તો એના અમુક પુસ્તકો એમણે મને આપ્યાં અને કહ્યું...

''જુઓ આમાંથી કંઈ તમારી શંકાનું સમાધાન થાય તો.''

જેમ સાયન્ટિફિક અને એન્જિનિયરિંગ રિસર્સ માટે એક અસરકારક લિટરેચર સર્ચ અને રિવ્યૂનું મહત્ત્વ છે એમ જ મારા પ્રશ્નના નિરાકરણ માટે આ પુસ્તકોએ પ્રબળ લિટરેટર બેઝ પૂરો પાડ્યો. એમની પાસે રહેલા અમુક પુસ્તકો અને અન્ય વડીલો તરફથી મળેલા પુસ્તકો, ખાસ કરીને નરસિંહ મેહતાના જીવન અને એમના પદો, એ પુસ્તકો વાંચતાં મને વળી એક પદ મળ્યું કે જેમાં મીરાંબાઈનો ઉલ્લેખ હતો. જે આ મુજબ હતું...

 ISSN 0976-9609

''મીરાંબાઈના વિખ અમૃત કીધા, વિદુરની આરોગ્યા ભાજી રે...''

અને મારી અકળામણ વધી પડી. નરસિંહ મેહતા અને મીરાંબાઈ ખરેખર એક જ સમયમાં હતા?

જેમ જેમ આ પુસ્તકો હું વાંચતો ગયો તેમ તેમ નરસિંહ મેહતાના જીવન ચરિત્ર વિશે વધુને વધુ જાણતો ગયા અને મારો તેમના પ્રત્યેનો અહોભાવ વધતો ચાલ્યો અને છેવટે મારા પ્રશ્નનું સમાધાન પણ મળી ગયું. તો ચાલો એ લિટરેટર રીવ્યુને આલેખીએ કે જેના થકી પ્રશ્નનું સમાધાન થઈ શક્યું...

પુસ્તક ૧: ''પરમ ભાગવત મહેતા નરસિંહનું સાચું દર્શન (સંત રાધેશ્યામ કૃત)'', ત્રીજી આવૃત્તિ પ્રકાશકઃ રાધેશ્યામ સત્સંગ મંડળ વતી પ્રો. (ડો.) કે. જે અજાબિયા, જામનગર, શરદપૂર્ણિમા સં. ૨૦૪૯. આ પુસ્તકમાં ''મેહતાજીના નામે ચાલતા બીજાના પદ'' આ મુદ્દા પર વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે જે જણાવે છે કે કોઈ પ્રસિદ્ધ સંત, ભક્ત કે મહાત્મા થાય પછી તેને નામે અનેક ભજનો, પદો, લખાણો વગેરે સમાજમાં વહેતા થાય છે. મહેતાજીના છપાયેલ ભજન સંગ્રહમાં મહેતાજી પછી ઘણા કાળે થયેલા બીજા કવિઓના કવનો તેમ જ શાસ્ત્રજ્ઞાન વગરના અભણ લોકોએ સાંભળેલી કે જોડી કાઢેલી વાતો પરથી રચી કાઢેલા ખોટાં જોડકણાં દાખલ થઈ ગયા છે. તેમાંના ઘણા ખરા તો મહેતાજીના ભાવથી તદ્દન વિપરીત છે. આ પુસ્તકમાં એક ખાસ અગત્યની વાત એ જાણવા મળે છે કે મહેતાજીના બધા પદમાં છેડે ''નરસૈંયો'' એવું નમ્રતાસૂચક નામાચરણ છે. ''મહેતા નરસિંહ'' જેવા માનસૂચક નામાચરણવાળા પદ બીજાના બનાવેલા છે.

વળી આ પુસ્તકમાં ''મીરાંબાઈના વિખ અમૃત કીધા...'' ને ટાંકીને જણાવ્યું છે કે આ વાત મહેતાજીના જીવનકાળ બાદની છે. મહેતાજીની જીવનલીલા પૂરી થયા પછી મીરાંબાઈની ભક્તિ શરૂ થઈ. આ દૃષ્ટિએ હૂંડી મહેતાજીનું પદ નથી. પણ કોઈ બીજા કવિ કે કીર્તનકારનું રચેલું છે.

વળી આ પુસ્તકમાં એ પણ છણાવટ છે કે હૂંડી જે સ્વીકારી તે ખરેખર વાસ્તવિક રીતે આમ બન્યું હોય કે મહેતાજીનો કોઈ ભક્ત દ્વારકામાં હોય, તેથી મહેતાજી રૂપિયા રાખી લઈ પોતાના ભક્ત પર ચિઠ્ઠી લખી આપી હોય કે અમારા વતી આને આટલા રૂપિયા ગણી આપશો. આ ભક્ત કોઈ શેઠ ન હોય અને વળી તેની હુંડિયામણ વટાવવાની ધંધાદારી પેઢી પણ ન હોય. આથી ચિઠ્ઠી લઈ જનાર તેને શેઠ માનીને બજારમાં ગોતવા જાય તે ક્યાંથી મળે? પણ તપાસ કરતાં હરીમાયાથી તે ભક્તનો જ ભેટો થઈ જતાં તેણે મહેતાજી વતી રૂપિયા ચૂકવી આપ્યા હોય. પ્રભુપ્રેરણાથી ભક્તોએ જ આ કાર્ય પર પાડ્યું હોય એમ બની શકે. મે'તાજીને હૂંડી લખવાની જરૂર ન પડે, ભગવાન આપી રહે.

આ પુસ્તકમાં ઊંડા ઉતરતાં મને મહેતાજીનું ખરું દર્શન થયું. સામાન્યતઃ વાર્તાઓમાં, નાટકોમાં, ફિલ્મો અને સિરિયલોમાં નરસિંહ મહેતાને એક ભક્ત તરીકે ચીતરવામાં આવ્યા છે જેને સંસારમાં ખાસ રસ નથી અને વળી જે વિવિધ પરચાઓ પણ દેખાડે છે. જ્યારે પણ કોઈ મુસીબતમાં પડે ત્યારે કેદારો ગાય અને ભગવાન આવીને એને મુસીબતમાંથી ઉગારી જાય. ખરા અર્થમાં મહેતાજી સંસારમાં રહીને જ જ્ઞાન, વૈરાગ્ય અને પ્રેમ-ભક્તિ પામ્યા હતા. એમને મહદ અંશે ભગતના રૂપમાં હાથમાં કરતાલ અને માથે ભગવી ટોપીવાળા જ દર્શાવવામાં આવ્યા છે. પણ મહેતાજી ગૃહસ્થ જીવન જીવવાની સાથે સંન્યાસરૂપનો કે તેથી પણ ઊંચી સ્થિતિનો સમર્પણયોગ પામેલા.

પુસ્તક ૨: ''નરસિંહ જીવન-એક સમસ્યા અને સમાધાન'', મહેશ વૈદ્ય, પ્રથમ આવૃત્તિ ૧૯૯૧, પ્રકાશકઃ મહેશ ધ. વૈદ્ય. ભાવનગર. આ પુસ્તકમાં નોંધ્યું છે એ મુજબ મહેતાજીનું અવસાન વિક્રમ સંવત ૧૫૪૨ (ઈ.સ.૧૪૮૫) માં થયું ત્યારે એમની

ઉંમર ૭૭ વર્ષની હતી. અને મોગલ સામ્રાજ્યમા અકબરનો સમય ઈ.સ.૧૫૫૫ થી ૧૬૦૫ છે, જે સમય તાનસેનનો પણ ગણાય. તો એ પ્રમાણે કુંવરબાઈની પૌત્રીઓ તાના-રીરી, અનુક્રમે ૧૮ થી ૧૬ વર્ષની ઉંમરે તાનસેનને મળે છે અને મલ્હાર રાગ ગાઈ તાનસેને ગાયેલા દીપક રાગના અગ્નિને ઠંડો પાડે છે. તો આ આખી ઘટના ઈ.સ.૧૫૫૫ થી ૧૬૦૫ દરમિયાન બની હોય, જે મહેતાજીના અવસાર (ઈ.સ.૧૪૮૫) પછીની છે. અને ઇતિહાસ કહે છે કે રાણા પ્રતાપના શરૂઆતના અમુક વર્ષોમાં મીરાંબાઈ હતા, એટલે અમુક અંશે મીરાંને નરસિંહ મહેતાની પ્રપૌત્રીઓના સમકાલીન કહી શકાય. તો આ દર્શાવે છે કે મીરાંબાઈ મે'તાજીના સમય દરમિયાન હતા જ નહીં. તો પછી એમના હૂંડી કાવ્યમાં અને બીજા એક કાવ્યમાં મીરાંનો ઉલ્લેખ કેવી રીતે થઈ શકે? નરસિંહ મેહતાના જન્મ અને નિર્વાણના સમય માટે હજુ વધારે પુષ્ટિ કરવા માટે નીચેના બે પુસ્તકોનો પણ આધાર લીધો.

''નરસિંહ મેહતા'', કેશવરામ કા.શાસ્ત્રી, પહેલી આવૃત્તિ ૧૯૬૮, છેલ્લી આવૃત્તિ ૧૯૯૧, પ્રકાશકઃ નેશનલ બુક ટ્રસ્ટ ઇન્ડિયા, ન્યૂ દિલ્હી જેમાં મહેતાજીનો જન્મ વિક્રમ સંવત ૧૪૬૬-૬૭ (ઈ.સ. ૧૪૦-૧૧) દર્શાવ્યો છે.

''નરસિંહ મેહતા સંકીર્તન'', લેખક તથા પ્રકાશકઃ શાંતિશંકર વેણીશંકર મેહતા, ભાવનગર, ૧૯૭૧ જે મુજબ મહેતાજીનો જન્મ વિક્રમ સંવત ૧૪૬૫ (ઈ.સ.૧૪૦૮) અને નિર્વાણ વિક્રમ સંવત ૧૫૪૨ (ઈ.સ.૧૪૮૫) માં છે.

ઉપર મુજબના પુસ્તકોની છણાવટ બાદ એવું લાગે છે કે અલગ અલગ સમયે અલગ અલગ કવિઓ, લોકકથાકાર વગેરેએ નરસિંહ મહેતાના નામે કાવ્યો અને પદો રચ્યો છે જે મહેતાજી રચિત પદો સાથે ભળીને એના જ નામે લોકજીભે રમી રહ્યા છે આપણા મુખ્ય પ્રશ્નના નિવારણ તરીકે ઉપર મુજબની છણાવટને આધારે એમ કહી શકીએ કે નરસિંહ મહેતાના જે કાવ્યો અને પદોમાં જ્યાં પણ મીરાંબાઈનો ઉલ્લેખ છે એ ખરેખર નરસિંહ મહેતા રચિત નથી. કારણ કે, નરસિંહ અને મીરાં બન્ને અલગ અલગ સમયે પૃથ્વી પર અવતરેલી વિભૂતિઓ છે.

તો પછી હૂંડી? આગળ કહ્યું તેમ, મે'તાજીને હૂંડી લખવાની જરૂર ન પડે, ભગવાન આપી રહે.

આ પ્રશ્નનું નિરાકરણ કરતાં કરતાં મને મહેતાજીના ખરા વ્યક્તિત્વ-ચિતારના દર્શન થયાં અને એ મારાં મગજના એક ખૂણામાંથી બહાર નીકળીને મારાં માનસપટલ પર પૂજનીય સ્થાને બિરાજમાન થઈ ગયા.

નોંધ :

૧) પ્રતિભાવો સહર્ષ સ્વીકાર્ય છે.

૨) કોઈ નરસિંહ પ્રેમીને આ પ્રશ્નના નિરાકરણ થકી કોઈ બીજો પ્રશ્ન ઉદ્દભવે તો વિના વિલંબે જણાવે, સાથે મળીને ઉકેલીશું.

---

Dean, IQAC,
The Charutar Vidya Mandal (CVM) University,
Vallabh Vidyanagar

*When you love someone, you love the whole person,*
*just as he or she is, and not as you would like them to be.*
*- Anna Karenina*

***

॥ અભ્યાસ ॥

## હે પાર્થ! જાગ, તારી આંખો ઉઘાડ!

**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**

જાગવું એટલે પથારીમાંથી બેઠા થઈ જવું, અથવા જાગરણ કરવું, આંખો ખુલ્લી રાખવી એવો જ અર્થ સૌ કરે છે. માત્ર આંખો ખુલ્લી હોવાથી કાંઈ જાગૃતતા આવી જતી નથી. આવે પણ નહિ. ગીતાજીમાં ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને જગાડે છે ને કહે છેઃ ''હે કુંતીપુત્ર! જાગૃત થા. ઊભો થા.'' આટલા જ શબ્દોમાં ભગવાને ભારતને ભારતના આજના યુવાનોને બહુ મોટો સંદેશો આપી દીધો છે. ભગવાનનો આ સાંકેતિક શબ્દ છે, જે જાગેલા હોય છે તેને જગાડવાનું ન હોય! જગાડવો તો એને પડે જે સૂતેલો હોય.! આપણે માનવ હજી જાગ્યા નથી, કોઈ વાર આપણી આંખો ઉઘડે છે, પણ પાછી તરત એ મિંચાઈ જાય છે. એટલા માટે જ ભગવાન અર્જુનને માધ્યમ બનાવી જગતને સંદેશો આપે છે. કે, 'હવે જાગો. જાગીને તમારી આંખો ઉઘાડો, ઊભા થાઓ...!'

માણસની અંદર જન્મથી જ રતિ, જુગુપ્સા, હાસ, શોક, ક્રોધ, ભય, ઉત્સાહ અને વિસ્મય આદિ આઠ પ્રકારના સ્થાયી સ્વભાવ પડેલાં છે. શરીર બંધારણનાં મૂળ પાંચ ઘટક તત્ત્વો, દશ ઈન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, સાત ધાતુ, ત્રણ ગુણ, પાંચ પ્રાણ, પચ્ચીસ પ્રકૃતિ અને નવ દ્વાર. આવા તત્ત્વોથી આપણું શરીર ઘડાયું છે.

શરીરની ત્રણ અવસ્થાઃ જાગૃત અવસ્થા, સ્વપ્ન અવસ્થા અને સુષુપ્તિ અવસ્થા. કાન વગેરે જ્ઞાનેન્દ્રિયો-વડે શબ્દાદિ વિષયોથી જેનું જ્ઞાન થાય તે જાગૃત અવસ્થા, આપણે નીંદરમાં - ઊંઘમાં રોઈએ ત્યારે વિધવિધ પ્રપંચો ભાગે છે તેને આપણે સ્વપ્ન કહીએ છીએ. આ અવસ્થા એટલે સ્વપ્ન અવસ્થા. તથા ત્રીજી અવસ્થા છે તે સુષુપ્તિ અવસ્થા. આ અવસ્થામાં માણસ બધાં જ તત્ત્વો, બધા જ વિષયોથી પર હોય છે. નથી તેને સ્વપ્ન કનડતા કે નથી દુન્વયી, ભૌતિક વિજ્ઞાનની દુનિયાના કોઈ તત્ત્વો અવરોધ કરતાં. આ અવસ્થાને સુષુપ્તિ-અવસ્થા કહે છે.

નરસિંહ મહેતા તો ચાર અવસ્થા કહે છે. તેમણે 'તુરિયા' નામની એક ચોથી અવસ્થા શોધી કાઢી છે. તેમના એક પદમાં નરસિંહ ગાય છે.:

'જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરિયા,
ઉન મુનિએ તાલી લાગી રે!
ત્રિગુણ રહિત થયું મન મારું.
કામવાસના તહાં ભાગી રે...'

જીવને ભરનિદ્રામાંથી જગાડતી પળની વાત છે. જે અજ્ઞાન-અંધકારમાંથી દિવ્ય-જ્ઞાનના પ્રકાશમાં લઈ જાય છે એ પળ. પ્રથમ ત્રણ અવસ્થા-જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ. એ માનવીય કક્ષાની અવસ્થા છે. જ્યારે ચોથી અવસ્થા 'તુરિયા'. 'તુરિયા' પદમાં સંત, જોગી વિહરે છે. ત્રણ ગુણ સત્ત્વ, રજ અને તમ. આની ઉપર ઊઠીને 'ઉનમુની'માં તાલી લાગી ગયાનું નરસિંહ મહેતા કહે છે.

સંત-સાધકનું અંતિમ લક્ષ્ય શૂન્ય શિખર બ્રહ્મરંધ્રમાં પહોંચવાનું છે તેને 'ઉનમુનિ' અવસ્થા સિદ્ધ થયાનું કહી શકાય. આ અવસ્થા સિદ્ધ થયા પછી કામવાસના રહેતી નથી.

આજે માણસ તનથી જાગે છે. મનથી તો તે હજીય ઊંઘે જ છે. આ સાચી જાગૃતા નથી. મનથી જાગવું એ જ જાગરણ છે. આત્માને જગાડ્યા વિના કે પોતાની જાતને અજ્ઞાનના અંધારેથી પ્રકારશમાં લાવ્યા વિનાનું જીવન એ ઊંઘનું જ જીવન છે. સૂતેલાને જગાડવું સહેલું છે. પણ જે સૂવાનો ઢોંગ કરી પડ્યો રહે તેને કોઈ કાળે જગાડી શકાતો નથી. જીવનું પણ એવું જ છે. તે નથી જાગૃત કે તે નથી સુષુપ્તિ અવસ્થામાં. તેને કોણ જાગૃત કરે? આપણે સ્થૂળમાંથી સૂક્ષ્મમાં જઈ શકતા નથી. એ આપણી મર્યાદા છે. જ્યારે યોગીઓ સ્થૂળ શરીરે પણ સૂક્ષ્મમાં પ્રવેશી શકે છે. માનવ અને યોગીની વચ્ચે આટલો ફરક છે.

એટલા માટે જ ભગવાન શ્રી કૃષ્ણે જાગૃતતાનો સંદેશ અર્જુનના માધ્યમ વડે સમગ્ર વિશ્વને આપ્યો છે. ભગવાન અર્જુનને કહે છે : ''હે સવ્યસાચી! હે પાર્થ! તું જાગ. જાગ અને ઊભો થા. તૈયાર થા. તારી આંખો ઉઘાડ. તારા હાથ તે પરમાત્માના હાથ છે. તારો આત્મો એ વિશ્વવ્યાપી પરમાત્માનો અંશ છે. તારું સામર્થ્ય તે તેનું છે. માટે જાગ..'

લંકાપતિ રાજા રાવણનો કનિષ્ઠ બંધુ કુંભકર્ણ હંમેશા ઊંઘમાં જ પડ્યો રહેતો. લંકા જ્યારે ચારેતરફથી ઘેરાઈ ગઈ હતી. રામની વાનરસેના ચડી આવી હતી ત્યારે રાવણે કુંભકર્ણને જગાડીને કહ્યું : 'હે કુંભકર્ણ! તેં નિરંતર નિદ્રા દ્વારા આરામ ભોગવ્યો છે. લંકામાં શું ચાલી રહ્યું છે તેની તને ખબર જ નથી. નિદ્રાને કારણે તેં લંકાવાસીઓ તરફની તારી ફરજ ગુમાવી છે. પ્રેમ, લાગણી અને અનુરાગ ખોયાં છે. ખુદ તારા હોવાપણાનું ભાન પણ તેં આ નિંદરને કારણે ખોયું છે. માટે જાગી જા ભાઈ! આજે લંકાને તારી જરૂર પડી છે. માટે ઊભો થા અને ગુમાવેલું બદું પાછું મેળવી લે...''

રાવણના આવા સવાલના જવાબમાં કુંભકર્ણે કહ્યું : ''હે ભાઈ રાવણ! મેં ઊંઘવાથી કાંઈ નથી ખોયું. નિદ્રાને કારણે હું માન-અપમાન બધું જ ભૂલી ગયો છું. શત્રુ કોણ અને મિત્ર કોણ એ ભેદને પણ મારામાં પ્રવેશવા દીધો નથી. છતાં તમે કહો છો કે મેં ઘણું ગુમાવ્યું છે. તો તમે જાગીને શું કર્યું? શું મેળવ્યું? લંકાની જાહોજલાલી, ભાઈ, પુત્રો, પત્નીનો પ્રેમ, લંકાવાસીઓનો તમારા પ્રત્યેનો વિશ્વાસ, તમારી નીતિમતા, ધર્મભાવના, સ્ત્રી-સન્માન ભાવના અને આધ્યાત્મિક પદપ્રતિષ્ઠા વગેરે ઘણું તો તમે જ ગુમાવ્યું છે. તમારા સ્થૂળ જાગૃત શરીરે જે જાગતાં નથી મેળવ્યું તે મારા સુષુપ્તિ અવસ્થાના શરીરે હાંસલ કર્યું છે. હું તો મનથી જાગેલો જ છું. જાગવાની તો તમારે જરૂર છે. તમે જગત જીત્યું. ત્રણ લોક જીત્યા. પણ જીવનને તો ઝેર કર્યું છે. કામ, ક્રોધ, મોહ પર ભાઈ તેં વિજય ક્યાં મેળવ્યો છે. તારે હજી કેટલું જીતવું છે? જો તારાથી એક સીતાજી જીતાતી ન હોય તો તું રામને કેવી રીતે જીતી શકીશ?''

આત્મધર્મ જાગતો રહે, જીવતો રહે, પ્રકાશતો રહે તેવા પ્રયાસો પ્રત્યેક માનવીઓએ કરવા જોઈએ. પોતાની અંદર ઊતરતા રહેવું જોઈએ. આત્માનંદમાં અભિરત બની દિવ્ય સ્થિતિ અનુભવવાનો અભ્યાસ કરવો જોઈએ; જેથી દેહ અને મનનાં દુઃખો વિસારે પડી જાય.

હે માનવ ! જાગ. ઊભો થા. અને તારો આત્મધર્મ બજાવ. તારી માન તરીકેની ફરજ અદા કર. ગરીબાઈમાં ઘેરાયેલા માનવબંધુઓની દરિદ્રતા તરફ નજર કર. ઊંઘમાં પડેલા શિક્ષકો-શાસ્ત્રીઓને જગાડ. ગરિમા ગુમાવેલા ગુરુઓને જગાડ. ધાર્મિક ચેતના ખોઈ બેઠેલા ધર્મગુરુને જગાડ. નીતિ ચૂકેલા નેતાઓને જગાડ. સેવકો અને સમાજશાસ્ત્રીઓને જગાડ. આ બધાને જગાડવા પ્રથમ તારે જાગવું પડશે, અજ્ઞાનરૂપી નિદ્રા ઉડાડવી પડશે. માટે ઊભો થા. અને પગ નીચે વિનાશની જે ભઠ્ઠી સળગી રહી છે. તેને ઓલવવા મનની આંખો ખોલ

---

**C/o.**''સંસ્કૃતિ દર્શન'' કાર્યાલય
'અનુરાગ' રતનપરા રો-૧, બાગ દરવાજા,
માણાવદર-૩૬૨૬૩૦ (જિ-જૂનાગઢ)
મો.નં.: ૮૭૩૫૯૦૨૪૨૪

*There are no conditions of life to which a man cannot get accustomed,*
*especially if he sees them accepted by everyone about him.*
*- Anna Karenina*

***

 ISSN 0976-9609

**ગો.જો.શારદા મંદિર, (પ્રાથમિક વિભાગ) વિદ્યાનગર :**

તા. ૦૬/૧૨/૨૦૨૫ વકતૃત્વ સ્પર્ધા વિષય ભગવદ્ગીતાનો સંદેશ કાયર નહિ, નીડર બનો. (ગીતા જયંતિ ૨૦૨૫ના ઉપલક્ષમાં શ્રી સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમર્પણ ટ્રસ્ટ આયોજિત) જેમાં પૂર્વા હિરેનભાઈ ભોપાળા તાલુકા કક્ષાની સ્પર્ધામાં દ્વિતીય વિજેતા બન્યા હતા.

## ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ)નાં વિદ્યાર્થીઓએ વાયુસેનામાં ઉડ્ડયન ભર્યું.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ) ખાતે કાર્યરત એનસીસી યુનિટને એક વિશેષ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. એરવિંગ યુનિટ બરોડા દ્વારા શાળાનાં બે એનસીસી કેડેટ ભૌમિક પટેલ અને આયુષી કંડારીને વાયુસેનાના માઇક્રો લાઇટ વાયરસ વિમાનમાં ઉડ્ડયનનો અનોખો અનુભવ મેળવવા માટે વડોદરાનાં કમાન્ડિંગ ઓફિસર શ્રી પવન ગોયેલ દ્વારા પસંદગી પામ્યા હતા.

પસંદ થયેલા બંને કેડેટ્સે વાયુસેનાના માઇક્રો લાઇટ વાયરસ વિમાનમાં બેસીને રોમાંચક ઉડ્ડયન ભર્યું હતું. આ અવસર દરમિયાન તેમને હવાઈ ઉડ્ડયનના અનુભવો તેમજ પ્રાથમિક વિમાનચાલન સંબંધિત માર્ગદર્શન, અને ટેક્નોલોજી વિષે જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

એનસીસી ANO શ્રી જી.જી.વાલાણી સાહેબે વિદ્યાર્થી ઓને ઉડ્ડયન પૂર્વે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું અને તાલીમ સંબંધિત તમામ બાબતોની યોગ્ય સમજ આપી હતી. શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ ભટ્ટે આ બંને કેડેટ્સને તેમના ઉત્સાહ અને સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ભાવિ સફળતા માટે શુભકામનાઓ આપી હતી.

## નલિની આર્ટ્સ કૉલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજમાં ચારુતર વિદ્યામંડળ ના ચેરમેન તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખ આદરણીય શ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ સાહેબની ૭૫મી જન્મજયંતિ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્ષણે ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ સાહેબના વરદ હસ્તે ૨૫ જેટલા વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું. વધતા જતાં પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓ સામે લડવા માટે ''વૃક્ષો વાવો, પર્યાવરણ બચાવો''ના સુત્ર સાથે આ કાર્યક્રમ યોજાયો. શ્રી મનીષભાઈ પટેલ સાહેબે જણાવ્યું કે ''વૃક્ષોએ ધરતીનું ઘરેણું છે, અને માત્ર વૃક્ષો રોપવા પુરતું નથી પરંતુ તેનું જતન કરી તેને મોટું કરવાની જવાબદારી પણ આપણી છે.'' કોલેજના આચાર્યશ્રી ડૉ. બી. એમ. પરમાર અને નલિની પરીવારના સૌ સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. વૃક્ષો રોપીને પર્યાવરણ બચાવવાનો સંદેશ પુરો પાડવામાં આવ્યો.

## ।। સૂચના ।।

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશન થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિક ઉપરાંત સંચય સ્વરૂપ (digest)) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂર છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે સર્જકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈન્લેંન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગુજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના અભિપ્રાયની જવાબદારી સંબંધિત સર્જકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી સર્જકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે બે-ત્રણ માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલીખર્ચ ન મોકલવું લેખ/કૃતિ અંગે કોઇ પત્ર વ્યવહાર ટેલીફોન કે રૂબરૂ સંપર્ક કરવો નહિ.

૫. પ્રત્યેક કૃતિ નીચે સર્જકે બેન્ક એકાઉન્ટ નંબર પ્રમાણે પોતાનું નામ, બેન્ક એકાઉન્ટ નંબર IFSC Code તથા પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. જેથી સર્જકની પુરસ્કારની રકમ જમા કરાવવામાં સરળતા રહે. અપૂરતી વિગતને કારણે પુરસ્કારની રકમ જમા ન થઇ શકે તો જવાબદારી સર્જકની રહેશે. આથી દરેક વિગત ચકાસણીને મોકલવી.

૬. 'વિ-વિદ્યાનગર' દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૭. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ' ના નામે મોકલવું.

૮. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમના સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૯. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.


### ડૉ. ઉર્વીશ છાયા

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ.પ્રોફેસર, (અધ્યક્ષ માઈક્રોબાયોલોજી એન્ડ ફૂડ ટેકનોલોજી વિભાગ)**

**એન.વી.પટેલ સાયન્સ કૉલેજ** (N.V.P.A.S.), **વલ્લભ વિદ્યાનગર**

**ઇ-મેઇલ** : editor.vidyanagar@gmail.com.


**લવાજમ**

| | |
|---|---|
| **વાર્ષિક** | : ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦ |
| **આજીવન** | : ₹ ૧૫૦૦ |
| **વિદેશમાં** | : ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £ |
| **છૂટક નકલની કિંમત** | : ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦ |



ISSN 0976-9609

# સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા જી.જે. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન







સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા જી.જે. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ ખાતે લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે તારીખ.૨૫/૧૧/૨૦૨૫ મંગળવારના રોજ સ્વૈચ્છિક રક્તદાન કેમ્પનું આયોજન એન.એસ.એસ. દ્વારા ન્યુ વલ્લભ વિદ્યાનગર સ્થિત એસ.જી. પટેલ આયુર્વેદિક હોસ્પિટલ અને મેટરનિટી હોમ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ રેડક્રોસ સોસાયટી એફ ઇન્ડિયા, આણંદ શાખાના સહકારથી સફળતાપૂર્વક યોજાયો હતો.

આ રક્તદાન કેમ્પમાં લગભગ ૧૬૦ દાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઇને રક્તદાન કર્યું. જેમાં સીવીએમના માનદ્ સહમંત્રી શ્રી વિશાલ પટેલે સ્વૈચ્છિક રક્તદાન કરેલ અને અન્ય ઉપસ્થિત લોકોને પણ રક્તદાન કરવા માટે પ્રોત્સાહન આપેલ. આ ઉપરાંત એન.એસ.એસ. યુનિટના વિદ્યાર્થીગણ, શિક્ષકો, દર્દીઓના સગા-સંબંધીઓએ પણ સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું.

કાર્યક્રમ દરમ્યાન સીવીએમના માનદ્ સહમંત્રીશ્રી વિશાલ પટેલ, રેડક્રોસ સોસાયટી આણંદના ચેરમેનશ્રી દેવેન્દ્રભાઈ પટેલ, વાઈસ ચેરમેનશ્રી શૈલુભાઈ પટેલ, આણંદ જિલ્લાના ડિસ્ટ્રિક્ટ કોમ્યુનિટી હેલ્થ ઓફિસરશ્રી ડૉ. રાજેશ પટેલ, આણંદ જિલ્લાના ડિસ્ટ્રિક્ટ ટી.બી. ઓફિસરશ્રી ડૉ. દીપકભાઈ પરમાર, હોસ્પિટલ એડમિનિસ્ટ્રેટર શ્રીમતી કિર્તી પટેલ, પ્રિન્સિપાલ ડૉ. સરિતા ભૂતડા તેમજ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. સંજય ત્રિવેદી ઉપસ્થિતિ રહ્યા હતા.

BOOK POST
January 2026

V-Vidyanagar 28 (1)
Published on 05/1/2026
No. of Pages 36 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. GUJGUJ/2001/05433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

## || રક્તદાન શિબિર ||



સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિનિયર ભીખુભાઈ બી. પટેલના ૭૫મા જન્મદિનની ઉજવણીના ભાગરૂપે માનવતાવાદી અભિગમ સાથે તા. ૨૨-૨૩ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સીવીએમ યુનિવર્સિટી, રેડ ક્રોસ સોસાયટી તથા એ.ડી. ગોરવાલા બ્લડ બેંક, કરમસદના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું. જેનું ઉદ્‌ઘાટન શાસ્ત્રીમેદાન વલ્લભવિદ્યાનગર ખાતે સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિનિયર ભીખુભાઈ બી. પટેલ, સીવીએમનાં ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, સહમંત્રીશ્રી મેહુલભાઈ પટેલ તથા ગર્વનિંગ બોડીના મેમ્બર્સના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રેડક્રોસ સોસાયટીના પદાધિકારીઓ, શ્રી દેવેન્દ્ર પટેલ, શ્રી હેમંત પટેલ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી શૈલુ પટેલ. સીવીએમ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. (ડૉ.) ઈન્દ્રજીત પટેલ, રજિસ્ટ્રારશ્રી પ્રો. (ડૉ.) સંદિપ વાલીયા તેમજ સીવીએમ તથા સીવીએમ યુનિવર્સિટીના પદાધિકારીઓ, કર્મચારીઓ, શિક્ષકો અને વિદ્યાર્થિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )